मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજી
આગામી પોષ શુદિ ૧૧ તેમનો દ્વિતીય સંવત્સરી-દિન છે.


વીર સં. ૨૪૭૩ વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

પુ. ૬૩ મું ] શ્રી જૈન ધર્મ પ્રસારક સભા [ અંક ૨-૩ જો

ભાવનગર

માર્ગશીર્ષ—પોષ ૭ મી ડીસેમ્બર : ૧૯૪૬



શાહ ધનજીભાઈ પ્રેમચંદ

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૩ મું
અંક ૨-૩ જો } માર્ગશીર્ષ-પોષ { વીર સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩

## अनुक्रमणिका


૧. શ્રી નેમિજિન સ્તવન ... ... (મુનિશ્રી રુચકવિજયજી) ૨૯
૨. मंगल की कामना ... ... ... (રાજમલ ભંડારી) ૩૦
૩. શ્રી કુલ્પાકમંડન શ્રી માણિક્યપ્રભુ (શ્રી ઋષભદેવ) તીર્થોત્પત્તિ સ્તવન ... ... (શ્રી બાલચંદ હીરાચંદ) ૩૧
૪. સંત મુનીશ્વરોને સંબોધન ... (મગનલાલ મોતીચંદ શાહ) ૩૨
૫. ન્યાયખંડખાદ્યમ્: ૭ ... ... (જીવરાજભાઇ ઓધવજી દોશી) ૩૩
૬. નિશ્ચય ને વ્યવહાર ... ... (મુનિરાજશ્રી ધુરંધરવિજયજી) ૩૮
૭. જૈન વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્... (ચતુર્ભુજ જેચંદભાઇ શાહ) ૩૯
૮. પ્રશ્નસિંધુ: ૨૧ ... ... ...(આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ) ૪૬
૯. પ્રભુ પ્રત્યક્ષ છે ... ... ...(આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૫૦
૧૦. શ્રી ભીમપલ્લી (ભીલડીયાજી) તીર્થ... (મુનિરાજશ્રી ન્યાયવિજયજી) ૫૪
૧૧. વ્યવહાર કૌશલ્ય: ૪ (૨૫૩-૨૫૬)... (મૌક્તિક) ૫૬
૧૨. પ્રશ્નોત્તર ... ... ... (પ્રશ્નકાર-દેવચંદ કરશનજી શેઠ-રાધનપુર) ૬૦
૧૩. અધ્યાત્મ-શ્રીપાલચરિત્ર: ૨ ... ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૬૨
૧૪. સભા સમાચાર ... ... ... ... ... ... ૬૪
૧૫. પ્રાચીન ઋષિઓ ... ... ...(પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા) ૬૫
૧૬. અપીલ ને આભાર ... ... ટા. પે. ૩


## નવા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શાહ મણિલાલ દુલભદાસ | મુંબઇ | પેટ્રન |
| ૨. શાહ ચીમનલાલ નાથાલાલ | ,, | લાઇફ મેમ્બર |
| ૩. શાહ વિનયચંદ નરશીદાસ | ,, | ,, |
| ૪. સરવૈયા લલ્લુભાઇ રાયચંદ | ,, | ,, |
| ૫. શાહ ત્રિભોવનદાસ જમનાદાસ | શીહોર | ,, |
| ૬. શાહ શાંતિલાલ ગોપાળજી | તણુસા | વાર્ષિક મેમ્બર |
| ૭. શાહ નગીનદાસ નેમચંદ | શીહોર | ,, |

# શાહ મણિલાલ દુલભદાસ.

卐

મુંબઇખાતે રેશમનો વિશાળ વ્યાપાર કરતી જાણીતી પેઢી તેમના જ નામથી જ ચાલે છે. તેઓના પિતાશ્રી દુલભદાસ થોડા સમય પહેલાં જ ૭૩ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. તેઓએ પાયધુની ઉપર આવેલા શ્રી ગોડીજી જિનાલયના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. મુંબઇખાતે ઘોઘારી નાતમાં તેઓ અગ્રગણ્ય વહીવટકર્તા હતા અને જેનો આજે હજારો લોકો લાભ લઇ રહ્યા છે તે "ઘોઘારી દવાખાના"ના સ્થાપકોમાંના તેઓ એક હતા.

પિતાના સેવાભાવનાના સંસ્કારો ભાઇશ્રી મણિલાલમાં ઊતરી આવ્યા છે. વ્યાવહારિક કેળવણી મેટ્રિક પર્યંત લેવા છતાં વડીલ બંધુ શ્રી લક્ષ્મીચંદની સાથે તેઓ એક કુશળ વ્યાપારી તરીકે સારી નામના મેળવી ચૂકયા છે.

જીવનસંગ્રામના આ વિષમ સમયમાં સીઝાતા સ્વધર્મી બંધુઓ જો હુન્નર-ઉદ્યોગના પંથે વળે તો સમાજની એક ઉપયોગી આવશ્યકતા પૂરી પડી શકે તેવા આશયથી ભાઇશ્રી લક્ષ્મીચંદ તેમજ ભાઇશ્રી મણિલાલે પોતાના પિતાના શ્રેયાર્થે રૂા. ૧૦૦૦૧) દસ હજાર ને એક રૂપિયા "**જૈન ઉદ્યોગમંદિર**" ની સ્થાપના ભાવનગરખાતે કરવા માટે આપ્યા છે.

સામાજિક લાગણી ઉપરાંત તેમની ધાર્મિક રુચિ સારી છે. સં. ૧૯૮૭ માં જ્યારે તેમની ઉમ્મર માત્ર વીસ વર્ષની હતી ત્યારે તેમણે હિંદુસ્તાનના આપણા વિવિધ તીર્થોની યાત્રા કરવા સાથે શ્રી સમેતશિખરજીની યાત્રા કરી હતી.

આપણી સભાના કાર્યથી આકર્ષાઇ તેઓ ઘણા સમયથી લાઇફ મેમ્બર બન્યા હતા પરન્તુ સંસ્થાની ઉપયોગિતા અને કાર્યશૈલીથી વિશેષ પ્રસન્ન થઇ તેઓએ સભાના પેટ્રનપદનો સ્વીકાર કર્યો છે. પ્રાંતે ઇચ્છીએ છીએ કે સુકૃત્યો કરવા માટે પરમાત્મા તેમને દીર્ઘાયુષ બક્ષે.

# જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૩ મું. અંક ૨–૩ જો | : માર્ગશીર્ષ–પોષ : | વીર સં. ૨૪૭૩ વિ. સં. ૨૦૦૩


## શ્રી નેમિજિન સ્તવન

પ્રભુ તુંહિ પર ઉપકારે વ્યસની. એ ટેક.

પરઉપકાર ન ભિન્ન કહ્યો તેં, નિજ ઉપકારથકી;<br>
પરઉપકારતણો સાધક તે, સાધે નિજ ઉપકૃતિ...પ્રભુ તુંહિ. ૧

નિજ ઉપકારતણો જે સાધક, પરઉપકાર વખાણું;<br>
નિજ અપકારતણો જે સાધક, તે વિષ વિષમ પ્રમાણું...પ્રભુ તુંહિ૦ ૨

પરઉપકાર સ્વરૂપને સમજી, ઉત્તમ પ્રવૃત્ત થાવે;<br>
અનિષ્ટ વિયોજન ઇષ્ટ સંયોજન, કરતા સાધ્ય જ હોવે...પ્રભુ તુંહિ૦ ૩

જગતજીવને એકાન્તિક ને, આત્યન્તિક સુખ ઇષ્ટ;<br>
આ કારણથી સંત વિચારે, લાગે દુઃખ અનિષ્ટ...પ્રભુ તુંહિ૦ ૪

આ કારણથી પરઉપકારે, મુક્તિદાન હું ચાહું;<br>
તે હોવે જિનધર્મોપદેશે, તુજ આજ્ઞા પ્રમાણું...પ્રભુ તુંહિ૦ ૫

મુક્તિ ઉપેય ધર્મ ઉપાય, જિનઉપદેશે જાણું;<br>
મનોભવ જીતે નેમિનાથ જિન, ગઢ ગિરનાર વધાવું...પ્રભુ તુંહિ૦ ૬

તપગચ્છ આંગણ પ્રેમસૂરીશ્વર, ધર્મોપદેશે સાજા;<br>
સુવિહિત સાધુશેખર સૂરિવર, **રુચકવિજય** કહે રાજા...પ્રભુ તુંહિ૦ ૭

# मंगल की कामना।

करे सब कामना[1] येही, हमारा हो सदा मंगल।
न चाहते स्वप्नमें प्राणी, अनिष्टकारी वो अमंगल ॥ १ ॥
करे आशा सदा मनमें, सुखी कैसे बनें जगमें ? ।
न जीवनमें कभी दुःख हो, सदा होता रहे मंगल ॥ २ ॥
मीले धनधाम और वैभव, त्रिया सुत मनमुताबिक ही।
कमी नहीं होय वस्तु की, न करना फिर पड़े दंगल ॥ ३ ॥
अखिल जगकी यही ख्वाहिश, हुवे परिपूर्ण कैसे ही।
जो मंगल ही सदा चाहते, रहा है वह कहां मंगल ॥ ४ ॥
लगा सुवास की आशा, दुःखी होता सदा मनमें।
हिरन कस्तुरीया देखो, भटकता फिरता है जंगल ॥ ५ ॥
रही कस्तुरी नाभि में, मगर ढुंढे जंगल में।
समझता है नहीं मनमें, यही अज्ञान अमंगल ॥ ६ ॥
बताये चार पुरुषारथ, धरम, अर्थ, काम व मोक्ष।
भूलाकर धर्म को चाहे, कहो कैसे हुवे मंगल ? ॥ ७ ॥
अर्थ और काम पुरुषारथ, लगे सब साधने जगमें।
प्रथम पुरुषार्थ के बिन यह, मचाते है सदा दंगल ॥ ८ ॥
इसी के वास्ते पहिले, धरम पुरुषार्थ ही साधो।
यही चिन्तामणी जगमें, कहाता है यही मंगल ॥ ९ ॥
प्रथम समभाव धारणकर, समझना तीन[2] तत्वों को।
श्रद्धा यथार्थ फिर करके, हरो मिथ्यात्व अमंगल ॥१०॥
हृदय में सुख व शान्ति का, भरा है कोष उत्तम ही।
अनुभव धर्म से करना, भटकना फिर नहीं जंगल ॥११॥
इसी के वास्ते धर्म, कहा है मुक्किट्ठं मंगल।
विनयवस "राज" की येही, करेगा आपका मंगल ॥१२॥

राजमल भंडारी–आगर ( मालवा )

---

१ अभिलाषा. २ देव, गुरु, धर्म

## શ્રી કુલ્પાક તીર્થમંડન

# શ્રી માણિકય પ્રભુ ( શ્રી ઋષભદેવ ) તીર્થોત્પત્તિ સ્તવન

( કવિ–બાલચંદ હીરાચંદ, માલેગામ )

( આ. શ્રી આત્મારામજીકૃત નવપદ પૂજાની–જિનંદ મત પાઠક પૂજ સુજ્ઞાની )
ભવિક જન માણિકય પ્રભુ જિન વંદો, ભવિક જન–એ આંકણી
દક્ષિણ ભારત દેશ પ્રગટ જ્યાં, મોગલ રાજ્ય વિરાજે;
હૈદરાબાદ સુફલ સુપ્રદેશે, ભૂમિ વિમલ બહુ ગાજે. ॥ ૧ ॥
પાક પવિત્ર ને દોષ રહિત જે, પુણ્ય વિશાલ ધરાવે;
કુલ્પાક તેથી નામ છે સાર્થક, ત્યાં પ્રભુ સહુ મન ભાવે. ॥ ૨ ॥
ઋષભ જિણંદ પ્રથમ તીર્થંકર, મનહર મૂર્તિ વિશાલ;
ભરતચક્રી અંગુલિના રત્ને, પ્રતિમા ભરાવી એ ભાલ ॥ ૩ ॥
માણેક રત્નની મૂર્તિ છે તેથી, માણિકય પ્રભુ જિનનામ;
મંદિર ભવ્ય બિરાજે મોટું, જાણે છે સ્વર્ગનું ધામ. ॥ ૪ ॥
વિદ્યાધર નિજ શ્રેણીમાંહે, પૂજે માણિકય દેવ;
ત્યાંથી ઈંદ્ર ગયા પ્રભુ લેઈને, ઈંદ્રપુરી કરે સેવ ॥ ૫ ॥
લંકાપતિ આરાધે ઈંદ્રને, માગે માણિકય દેવ;
હર્ષ ધરી પૂજે પ્રભુ ભાવે, લંકામાંહે સ્વયમેવ. ॥ ૬ ॥
મંદોદરી રાણી નિત્ય પૂજે, ભાવ ભક્તિ બહુ ધારી;
પ્રભુપૂજનથી પાપો નાસે, સંસાર મોહ નિવારી. ॥ ૭ ॥
લંકા વિસર્જન થાતા પ્રભુજી, સાગરદેવ તે પૂજે;
કર્ણાટકનો શંકર રાજા, પદ્માવતી મન રીઝે. ॥ ૮ ॥
દેવી આજ્ઞાથી નિજ પીઠે, શંકર પ્રભુજીને થાપે;
હર્ષ ધરી ચાલ્યો નિજ દેશે, સેના સહિત પથ કાપે. ॥ ૯ ॥
કુલ્પાક નગર સમિપ તે આવે, ભાર ન પીઠે જણાય;
શંકા પડી કિમ પ્રભુજી નાવ્યા, સ્થિર થયા પ્રભુ ત્યાંય ॥ ૧૦ ॥
છસો એંશી વરસ ઇમ રહિયા, અધર પ્રભુજી બિરાજે;
નાઠા કેઈક ઉપદ્રવ એના, મહિમા જગતમાંહિ ગાજે. ॥ ૧૧ ॥
દ્વાદશ ગામ પ્રભુસેવામાં, અર્પણ કીધ નૃપાળે;
કુલ્પાક માણિકય પ્રભુજીનું તીરથ, ગાજે છે કલિકાલે. ॥ ૧૨ ॥
પંડિત કેશરકુશલ મુનિએ, જીર્ણોદ્ધાર કરાવ્યો;
સંવત સત્તરસે સડસઠ વરસે, ચૈત્ર સુદી મન ભાવ્યો. ॥ ૧૩ ॥

દશમી દિન સુપ્રતિષ્ઠા કીધી, લેખ શિલામાં દીસે;
પ્રભુજીની ભક્તિ જે ભવિ કરશે, તસ ભવભય સહુ નાસે. ॥ ૧૪ ॥
સહસ્ર દ્રય ને બે સંવતમાં, ગાયા માણિક્ય દેવ;
બાલેન્દુ મન હર્ષ ન માવે, કરતા પ્રભુજીની સેવ. ॥ ૧૫ ॥

---

## સંત મુનીશ્વરોને સંબોધન

શાર્દૂલવિક્રીડિત.

શૂરા ધર્મધુરંધરો મુનિવરો, ત્રિરત્ન આરાધકો,
શું કર્તવ્ય જ આપનું ? જરૂરનું સંભારજો સાધકો;
શું છે ? દુર્લભ કાર્ય ને સુલભ શું ? શું સાધ્ય દુઃસાધ્ય ત્યાં ?,
ક્યાં ક્યાં છે પ્રતિબંધકો ? સફળતા, આચારમાં મૂકતાં. ૧

જૈનોની નબળી દશા થઇ રહી, સૌજન્ય ગુણે અતિ,
વિદ્યા ઉદ્યમ ને શરીરબળમાં, દેખાય ધર્મે ક્ષતિ;
જો થાયે સુપ્રયત્ન દૂર કરવા, તો સાર્થક ના બને ?
થાઓ જો કટિબદ્ધ ધૈર્ય ધરીને, તો સાધ્ય સામું ઠરે. ૨

શિખરિણી.

મહાત્મા જો હો તો, વચનપટુતામાં નહિ જરા,
રુડાં ચારિત્રોમાં, સરલ મન સાથે સુમતિમાં;
ન વૃદ્ધિ શિષ્યોની, ન ગુરુ પદવી કે ઉંમરમાં,
ખરા સંતો તારે, ભવજલનિધિને તરતમાં. ૩

ન પાંડિત્યે વાદે, ન પરમત આક્ષેપ કરવા,
મુનિના યોગો છે, ત્રુટિત મનના ભેદ હરવા;
તમારાં વક્તવ્યો, ન પદઘટનામાં વહી જતાં,
ખરે ! એવાં હોયે, જનપદ વિરોધો હરી જતાં. ૪

અહો ! સર્વે સંતો, પ્રવર મતિમાનો મુનિવરો !
તજી સ્વાર્થી ભેદો, જન ઉદયમાં તત્પર બનો;
ધરો ઇચ્છા એવી, સરલ મનથી સાધ્ય બનવા,
રહ્યાં દૂરે સત્યો, નજર સમિપે સાધિત થવા. ૫

**મગનલાલ મોતીચંદ શાહ**—વઢવાણ કેમ્પ.

તાર્કિક યુક્તિઓવાળી શ્રી યશોવિજયજી
મહારાજે રચેલી શ્રી વીરપરમાત્માની સ્તુતિ

# न्यायखण्डखाद्यम्

( ૭ )

## द्वितीयो विभागः

લેખક-શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી. B. A. LL. B.

( ગત વર્ષ, અંક ૭, પૃષ્ઠ ૧૭૭ થી શરૂ )

**त्वच्छासने स्फुरति यत् स्वरसादलीका-**
**दाकारतश्च परतोऽनुगतं तु बाह्यम् ।**
**आलम्बनं भवति सङ्कलनात्मकस्य,**
**तत्तस्य न त्वतिविभिन्नपदार्थयोगात् ॥ २३ ॥**

**શ્લોકાર્થ**:—અલીક અને જ્ઞાનાકારથી ભિન્ન બાહ્યપદાર્થ, હે ભગવન્ ! આપના શાસનમાં સ્વત:એવ એટલે પોતાના સામર્થ્યથી જ અનુગત અને વ્યાવૃત્ત પ્રકાશે છે; તે જ બાહ્યપદાર્થ સ્મરણુ અને અનુભવ-પ્રત્યક્ષની સંકલના કરનાર પ્રત્યભિજ્ઞાનનું અવલંબન થાય છે; પરંતુ જાતિ જેવા કોઇ અત્યંત ભિન્ન પદાર્થના સંબંધથી અવલંબન થતું નથી.

**ભાવાર્થ**:—બૌદ્ધો ક્ષણિકવાદી છે, તેમના મતમાં અખિલ બાહ્ય વસ્તુઓ ક્ષણિક છે એટલું જ નહિ પણુ અંતરંગ અખિલ વૃત્તિઓ ( Internal mental states ) ક્ષણિક છે. સ્થૈર્યવાદી નૈયાયિકો વિગેરે દલીલ કરે છે કે જો અંતરંગ વૃત્તિઓ ક્ષણિક હોય, અનુસ્યુત આત્મા જેવો સ્થિર પદાર્થ ન હોય તો ભૂતકાળમાં જોયેલા દેવદત્તને વર્તમાનકાળમાં જોતાં 'આ પેલો દેવદત્ત છે' એવું પ્રત્યભિજ્ઞાન ( Recognition ) થઇ શકે નહિ. આવું જ્ઞાન તો સૌને પ્રત્યક્ષ થાય છે એટલે અંતરંગ વસ્તુ-આત્મતત્ત્વ પણુ ક્ષણિક છે એવો બૌદ્ધનો વાદ સ્વત: તૂટી પડે છે.

જૈન દર્શનમાં મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવલ એવા પાંચ પ્રકારના જ્ઞાનના ભેદ બતાવ્યા છે, તેમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પરોક્ષ પ્રમાણુ કહ્યા છે, અને અવધિ, મન:પર્યવ અને કેવલજ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણુ કહ્યા છે. ઇંદ્રિય અને મનદ્વારા મતિ અને શ્રુતજ્ઞાન થાય છે એટલે આગમમાં પરોક્ષ કહ્યા છે, અને ઇંદ્રિય અને મનની મદદ વિના આત્મા સ્વત: અવધિ,

મનઃપર્યવ અને કેવલજ્ઞાન પામી શકે છે; માટે પાછલા ત્રણ જ્ઞાનોને પ્રત્યક્ષ જ્ઞાન માનવામાં આવ્યા છે. બીજા નૈયાયિક આદિ દર્શનો પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણ જૂદા અર્થમાં વાપરે છે. તેઓ ઇંદ્રિય અને પદાર્થના સંનિકર્ષથી થતા જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણ કહે છે અને અનુમાન વિગેરેથી થતા જ્ઞાનને પરોક્ષજ્ઞાન કહે છે. બીજા પ્રચલિત દર્શનો સાથે સંગત કરવાને પાછળથી જૈનાચાર્યો બીજા દર્શનો જેને પ્રત્યક્ષ કહે છે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે અને તેનાથી ભેદ પાડવાને બાકીના ત્રણ જ્ઞાનને પારમાર્થિક પ્રત્યક્ષ કહે છે.

અહિં આપણા સાંવ્યવહારિક પ્રત્યક્ષ-નૈયાયિકોના પ્રત્યક્ષનો વિષય ચર્ચવામાં આવ્યો છે. જૈનદર્શન પ્રમાણે ઇંદ્રિય અને મનના નિમિત્તથી અવગ્રહ, ઇહા, અપાય, ધારણારૂપ જે જ્ઞાન થાય છે તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. અને સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, ઉહા, અનુમાન અને આગમ જ્ઞાનને પરોક્ષ પ્રમાણ કહેવામાં આવે છે.

આ અધિકારમાં પ્રત્યભિજ્ઞાનનો સવાલ ચર્ચવામાં આવ્યો છે. પ્રત્યભિજ્ઞાનને અંગે બે સવાલો જોવાના ઉપસ્થિત થાય છે. પ્રત્યભિજ્ઞાનની પ્રમાણતા અને તેનું સ્વરૂપ. બૌદ્ધો પ્રત્યભિજ્ઞાનને પ્રમાણજ્ઞાન માનતા નથી. કારણ તેઓના મત પ્રમાણે આત્મા ક્ષણિક હોવાથી, વર્તમાનકાળ અને ભૂતકાળના જ્ઞાનને જોડનાર સ્થિર આત્મતત્ત્વ નથી, બૌદ્ધો પ્રત્યભિજ્ઞાનને ભ્રમણાત્મક માને છે. જૈન ન્યાય આદિ દર્શનોમાં પ્રત્યભિજ્ઞાનને પ્રમાણ માનવામાં આવે છે. અને તેના આધારથી બૌદ્ધોના ક્ષણભંગવાદનો નિરાસ કરવામાં આવે છે.

સ્વરૂપના સંબંધમાં બૌદ્ધો પ્રત્યભિજ્ઞા નામનું જ્ઞાન માનતા નથી. પણ પરોક્ષ અને પ્રત્યક્ષના સમુચ્ચયને પ્રત્યભિજ્ઞા કહે છે. ન્યાય, મીમાંસાદિ વૈદિક દર્શન પ્રત્યભિજ્ઞાને પ્રત્યક્ષરૂપ એક જ્ઞાન કહે છે. પ્રત્યક્ષ અને સ્મરણનું સંકલાત્મક જ્ઞાન કહેતા નથી. જૈનદર્શન પ્રત્યભિજ્ઞાને પ્રત્યક્ષથી જાદું પરોક્ષજ્ઞાન માને છે. **अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वतासामान्यादिगोचरं संकलनात्मकं ज्ञानं प्रत्यभिज्ञानम्**-પ્રત્યક્ષ અને સ્મરણનાં હેતુથી ઉત્પન્ન થતું તિર્યગ્ઊર્ધ્વતા સામાન્ય વિષયવાળું જે સંકલના કરનાર જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાન. **सोऽयं देवदत्तः** જ્ઞાનમાં દેવદત્ત પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, અનુભવમાં આવતા પૂર્વે અનુભવેલ દેવદત્તના સંસ્કારો-સ્મરણો ઊભા થાય છે અને તે સ્મરણ અને પ્રત્યક્ષના સંમિશ્રણથી આ 'પેલો દેવદત્ત છે' એવું જે જ્ઞાન થાય છે, તે પ્રત્યભિજ્ઞા (Recognition) છે.

**तद्भिन्नतामनुभवस्मरणोद्भवत्वाद्, द्रव्यार्थिकाश्रयतयेन्द्रियजाद्बिभर्त्ति ।**
**भेदे स्फुरत्यपि हि यद् घटयेदभिन्नं,भेदं निमित्तमधिकृत्य तदेव मानम् ॥२४॥**

**શ્લોકાર્થઃ**—ઇંદ્રિયથી ઉત્પન્ન થતા પ્રત્યક્ષથી પ્રત્યભિજ્ઞાન ભિન્ન છે, કારણ પ્રત્યભિજ્ઞાન અનુભવ અને સ્મરણથી ઉત્પન્ન થાય છે. ભેદના નિમિત્ત( ભેદક નિમિત્ત )ને આશ્રયીને પ્રત્યભિજ્ઞાનમાં પ્રત્યક્ષનો ભેદ સ્પષ્ટ રીતે જણાય છે, છતાં

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અભેદ ઘટે છે એટલે પ્રત્યક્ષ અને પ્રત્યભિજ્ઞાનમાં ભેદાભેદ પ્રમાણભૂત છે.

**ભાવાર્થ**:—બૌદ્ધો પ્રત્યભિજ્ઞાનને અલીકસ્વરૂપ માને છે; નૈયાયિકો અભિન્ન પ્રત્યક્ષરૂપ માને છે, જ્યારે જૈનો ભેદાભેદ માને છે. **तद् इदम्** એ પ્રત્યભિજ્ઞાન છે, તે જ્ઞાનમાં तद् અને ઇદમ્-ભૂતકાલીન અને વર્તમાનકાલીન જ્ઞાનના ભેદથી ભેદ છે એટલે નિમિત્તભેદથી ભેદ છે, સ્વરૂપથી અભેદ છે અને પ્રમાણરૂપે તો ભેદાભેદ છે.

**दृष्ट्वा सुधीभिरत एव घटेऽपि रक्ते, श्यामाभिदाश्रयधियो भजना प्रमात्वे ।**
**सा निर्निमित्तकतयाध्यवसाय एव, न स्यात् तदाश्रयणतस्तु तथा यथार्था ॥२५॥**

**શ્લોકાર્થ**:—માટે જ બુદ્ધિવાનોએ લાલ ઘડાને વિશે પણ શ્યામના અભેદને આશ્રય કરનારી બુદ્ધિના પ્રામાણ્યમાં ભજના-સ્યાદ્વાદ માનેલ છે. **अयं रक्तः श्यामः** એ બુદ્ધિ નિમિત્તના આશ્રય વિના નિશ્ચિત નથી-પ્રમાણભૂત નથી, અને નિમિત્તનો આશ્રય કરીએ તો યથાર્થ છે.

**ભાવાર્થ**:—એક ઘડામાં લાલ, કાળો એવી બુદ્ધિ થાય છે તેમાં પૂર્વકાળમાં લાલ અને વર્તમાનકાળમાં કાળો એવો કાળના નિમિત્તનો ભેદ કાઢી નાંખીએ તો નિશ્ચિતજ્ઞાન ન થાય, અને તે નિમિત્ત રાખીએ તો નિશ્ચિત જ્ઞાન થાય. ગ્રંથકાર નૈયાયિકોને કહે છે કે તમારે પણ નિમિત્ત ભેદથી એક જ વસ્તુમાં પરસ્પરવિરોધી જ્ઞાનને પ્રમાણભૂત માનવું પડે છે. એટલે તમારે પણ સ્યાદ્વાદ સ્વીકારવાનો રહે છે.

**स्वद्रव्यपर्ययगुणानुगता हि तत्ता, तद्व्यक्त्यभेदमपि तादृशमेव सूते ।**
**संसर्गभावमधिगच्छति स स्वरूपात्, सा वा स्वतः स्फुरति तत्पुनरन्यदेतत् ॥२६**

**શ્લોકાર્થ**:—સ્વદ્રવ્યપર્યાયને અનુસ્યુત રહેલી તત્તા તે વ્યક્તિના અભેદને જેવો અનુભવમાં આવેલો હતો તેવો જ ઉત્પન્ન કરે છે. તે અભેદ પ્રત્યભિજ્ઞાનમાં સ્વરૂપે સંસર્ગભાવને પામે છે કે તેમાંથી તત્તા સ્વતઃ ઊભી થાય છે, તે બીજો સવાલ છે.

**ભાવાર્થ**:—કોઇ પણ એક વસ્તુના પ્રત્યક્ષ અનુભવ પછી તે વસ્તુને અંગે થયેલા ભૂતકાલીન અનુભવો સ્મરણમાં જાગ્રત થાય છે; એ રીતે વર્તમાનકાલીન પ્રત્યક્ષ અને ભૂતકાલીન અનુભવોનું મિશ્રણ થયા બાદ **सोऽयं** એવું જ્ઞાન થાય છે. તેમાં તત્તા પાછળથી ઉમેરાય છે એવો એક વિચાર છે. બીજા વિચારમાં વસ્તુના દર્શનની સાથે જ **सोऽयं** એવું જ્ઞાન થાય છે અને તેમાં રહેલ તત્તા ભૂતકાલીન અનુભવોને ખેંચી લાવે છે.

તત્તા નામનો પદાર્થ છે, તત્તા અભેદને જન્મ આપે છે, **सोऽयं** પ્રત્યભિજ્ઞાનમાં અભેદ સ્વયં સ્ફુરે છે કે તત્તા સ્વયં સ્ફુરે છે તે જૂદો સવાલ છે.

**पर्यायतो युगपदप्युपलब्धभेदं, किं न क्रमेऽपि हि तथेति विचारशाली ।
स्याद्वादमेव भवतः श्रयते स भेदा-भेदक्रमेण किमु न स्फुटयुक्तियुक्तम् ॥२७॥**

**શ્લોકાર્થ**:—પર્યાયથી એક વસ્તુ એક કાળે ( યુગપદ્ ) પણ ભિન્ન છે, તો ક્રમમાં એટલે ભિન્નભિન્ન કાળમાં તેવા પ્રકારની ભિન્નતા કેમ ન હોય અર્થાત્ હોવી જોઇએ, એવા પ્રકારના વિચારવાળો પ્રત્યભિજ્ઞાન માટે ભેદાભેદક્રમથી સ્ફુટ-યુક્તિવાળા આપના સ્યાદ્‌વાદનો શું આશ્રય ન કરે ?

**ભાવાર્થ**:—જૈન દર્શનમાં એક જ કાળે એક જ વસ્તુમાં અનેક ગુણો-પર્યાયો રહેલા માનવામાં આવે છે, ગુણ અને ગુણિનો અભેદ હોવાથી ગુણિ એટલે એક જ વસ્તુમાં પણ ગુણના ભેદથી અનેકતા આવે છે અર્થાત્ ઉપર જેમ અભેદ બતાવ્યો તેમ ભેદ પણ દેખાય છે. આનો ખુલાસો સ્યાદ્‌વાદથી જ થઇ શકે છે અર્થાત્ **भेदाभेदरूपस्याद्वाद**નો આશ્રય લેવાથી જ નિસ્તાર થાય છે.

**तद्धेमकुण्डलतया विगतं यदुच्चै-रुत्पन्नमङ्गदतयाऽचलितं स्वभावात् ।
लोका अपीदमनुभूतिपदं स्पृशन्तो, न त्वां श्रयन्ति यदि तत्तदभाग्यमुग्रम् ॥२८॥**

**શ્લોકાર્થ**:—કુંડલરૂપે નાશ પામતા અને અંગદ-બાજુબંધરૂપે ઉત્પન્ન થતા અને પોતાના હેમસ્વભાવથી અચલિત-કાયમ રહેતા સોનાને પોતાના સ્વસંવિત્તિ અનુભવથી જાણતાં છતાં જો લોકો તારા સ્યાદ્વાદનો આશ્રય ન કરે તો તે તેઓનું ઉગ્ર અભાગ્ય છે.

**ભાવાર્થ**:—સામાન્ય બુદ્ધિવાળા મનુષ્યો પણ સોના જેવી એક વસ્તુમાં રૂપાંતરો ઉત્પન્ન થતાં અને નાશ પામતાં જુએ છે, અને સોનારૂપે સ્થિરતા જુએ છે, છતાં વસ્તુને એક જ સ્વરૂપવાળી નિત્ય અનિત્ય માને તો તે તેઓના દુર્ભાગ્ય છે.

**स्वद्रव्यतां यदधिकृत्य तदात्मभावं, गच्छत्यदः कथमहो परजात्यभिन्नम् ।
तात्पर्यभेदं भजना भवदागमार्थः, स्याद्वादमुद्रितनिधिः सुलभो न चान्यैः ॥२९॥**

**શ્લોકાર્થ**:—જે પદાર્થ પોતામાં રહેલ દ્રવ્યત્વને આશ્રયીને તે પદાર્થની સાથે એકતાને પામે છે, તે પદાર્થ પરજાતિ અર્થાત્ તિર્યક્ સામાન્યની અપેક્ષાએ અભિન્ન કેમ કહી શકાય ? તાત્પર્ય ભેદના વિકલ્પો એ જ આપના આગમનો અર્થ છે; બીજાઓને સ્યાદ્વાદ મુદ્રાવડે મુદ્રિત કરાયેલ નિધિ સુલભ નથી.:

**ભાવાર્થ**:—એક જ ઘટમાં લાંબા કાળ સુધી સ્વદ્રવ્યત્વ અર્થાત્ પોતાપણું ઘટત્વ રહે તેનું નામ ઊર્ધ્વતાસામાન્ય. ઊર્ધ્વતાસામાન્ય એક ઘટને આશ્રયીને રહે છે, જયારે તિર્યક્‌સામાન્ય અનેક ઘટની અપેક્ષા રાખે છે. ગ્રંથકાર નૈયાયિકોને કહે છે કે **तदिदम्** આ તે છે એવા પ્રત્યભિજ્ઞાનમાં તમે જાતિ-સામાન્યદ્વારા એકતા અભેદ સાધો છો પણ સામાન્ય બે પ્રકારનું છે. ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્

સામાન્ય. ઊર્ધ્વતાસામાન્યમાં દ્રવ્ય એક જ ચાલુ આવે છે, કાળને લીધે પર્યાયોમાં ફેરફાર થાય છે. જેમ એક ઘટમાં ક્ષણે ક્ષણે પર્યાયો બદલાય છે, છતાં ઘટત્વ-ઘટની દ્રવ્યતા ચાલુ રહે છે. તિર્યક્‌સામાન્યમાં દ્રવ્યો જુદા જુદા હોય છે, પણ આકૃતિ-પર્યાયો સમાન હોય છે. જેમ જુદા જુદા સ્થળોમાં પડેલા ઘડાઓ, ઘટ ઘટ એમ બોલાય છે, જુદા જુદા ઘડાઓમાં ઘટ ઘટ એવી પ્રતીતિમાં હેતુભૂત ઘટત્વ અને એક જ ઘટમાં લાંબા લાંબા કાળ અનુસ્યુતઘટત્વ એક જ છે, એમ નૈયાયિકો માને છે, તે બંનેમાં વિભિન્નતા બતાવી શકતા નથી. પ્રત્યભિજ્ઞાનમાં પ્રધાન કારણભૂત સામાન્ય છે એમ માનતાં જેમ એક જ ઘડામાં કાળભેદે પ્રત્યભિજ્ઞાન થાય છે, તેમ જુદા જુદા ઘડામાં પ્રત્યભિજ્ઞાન કેમ ન થાય ? તેનો ખુલાસો નૈયાયિકોને કરવો મુશ્કેલ પડે છે.

પુરુષભેદથી કે નયભેદથી અર્થમાં પણ ફેરફાર ઘટાવીને વચનની યોગ્યતા અયોગ્યતાનો વિચાર કરવામાં તો સ્યાદ્વાદનો જ આશ્રય લેવો પડે છે, જે સ્યાદ્વાદની વિચારણા બીજા દર્શનકારોને સુલભ નથી.

**सामान्यमेव तव देव ! तदूर्ध्वताख्यं, द्रव्यं वदन्त्यनुगतं क्रमिकक्षणौघे ।**
**एषैव तिर्यगपि दिग् बहुदेशयुक्ते, नात्यन्तभिन्नमुभयं प्रतियोगिनस्तु ॥ ३० ॥**

**શ્લોકાર્થ**:—પરાપર ક્ષણના સમૂહમાં અનુસ્યુત રહેતા તે દ્રવ્યને હે દેવ, તારા શાસનમાં ઊર્ધ્વતાખ્યસામાન્ય વિદ્વાન માણસો કહે છે. તે જ દ્રવ્ય જુદા જુદા સ્થળમાં પથરાય અર્થાત્ જુદા જુદા પિંડો સાથે સંબંધમાં આવે ત્યારે તિર્યક્‌સામાન્ય કહેવાય છે તે ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્‌સામાન્ય પ્રતિયોગિ પદાર્થથી અત્યંત ભિન્ન નથી.

**ભાવાર્થ**:—આ શ્લોકમાં ગ્રંથકાર નૈયાયિકોના કહેવાતા સામાન્ય પદાર્થોનું પૃથક્કરણ કરે છે, એક જ દ્રવ્યમાં કાળના ક્રમમાં જે પર્યાયો બદલાય છે, છતાં દ્રવ્ય અનુસ્યુત રહે છે તેને ઊર્ધ્વતાસામાન્ય કહેવામાં આવે છે અને દ્રવ્ય જુદા જુદા ક્ષેત્રમાં પથરાઇ સમાન પર્યાયવાળા, સમાન આકૃતિવાળા પદાર્થો રચે છે, તેમાં જે સમાનતા-સામાન્યપણું જોવામાં આવે છે તેને તિર્યક્‌સામાન્ય કહે છે. જુદા જુદા સ્થળોમાં સમાન આકૃતિવાળા પદાર્થોમાં 'આ ઘટ આ ઘટ' એવી જે પ્રતીતિ થાય છે તે તિર્યગ્‌સામાન્યને આશ્રયીને છે. વસ્તુતઃ બંને પ્રકારના સામાન્ય વસ્તુથી અત્યન્ત ભિન્ન નથી. અત્યંત ભિન્ન માનવામાં આવે તો ધર્મ-ધર્મીભાવ ટકી શકે નહિ. ( ચાલુ )

# નિશ્ચય ને વ્યવહાર

નિશ્ચય ને વ્યવહાર એ બેની ગૂંચવણો ભદ્રાત્માઓને ઘણી વખત થયા કરે છે. કેટલાએક સમજુઓ પણ કદાગ્રહવશ બેમાંથી એકને પકડી લે છે. એ પકડમાંથી વિવાદો—મતમતાન્તરો—રગડા—ઝગડા વગેરે દોષો જન્મ્યા છે—જન્મે છે, એ જાણકારોની જાણ બહાર નથી.

જ્ઞાન ને ક્રિયા, ભાવ ને દ્રવ્ય, વગેરે નિશ્ચય ને વ્યવહારના એક રીતે નામાન્તરો જ છે.

બેમાંથી એકની પણ કિંમત ઓછી આંકવી એ નરી અજ્ઞાનતા છે. જીવનની બે સ્થિતિ છે. એક સાધ્યાવસ્થા ને બીજી સિદ્ધાવસ્થા. સાધ્યાવસ્થા એ જીવનની પૂર્વ ભૂમિકા છે ને સિદ્ધાવસ્થા એ ઉત્તર ભૂમિકા છે. પૂર્વ ભૂમિકામાં આત્મા વ્યવહારને વિશેષે અનુસરતો હોય છે ને ઉત્તર ભૂમિકામાં નિશ્ચયને વિશેષે અનુસરતો હોય છે. તેથી તે તે ભૂમિકામાં વર્તતા વિશિષ્ટ આત્માઓ અન્યતરનો અપલાપ કરે છે કે એક બીજાની અનાવશ્યકતા સમજે છે, એમ માનવું તે તે આત્માઓને નહિં સમજવા જેવું છે.

પૂર્વકાળમાં થઈ ગયેલા મહાપુરુષોની જીવનચર્યાને પૂરેપૂરી સમજ્યા વગર ને તેમના ઉપલબ્ધ વચનોનું પૂર્ણ રહસ્ય સમજ્યા વગર આજકાલ કેટલાએ અર્ધદગ્ધો પોતાને વિદગ્ધ સમજતા તેમને વિષે એક તરફી વક્તવ્યો ને મન્તવ્યો રજૂ કરે છે. તે હિતકર તો નથી પણ ઉલટું હાનિકર છે. સ્વ—પરને ભ્રમમાં ફસાવવા જેવું છે.

નિશ્ચય એટલે—આત્મદશાનું ભાન, આધ્યાત્મિક વિકાસ.

વ્યવહાર એટલે—આત્મદશા પ્રત્યે લઇ જનારા ક્રિયાત્મક વિધિવિધાનો. ટૂંકમાં બન્નેનું આવું સ્વરૂપ છે.

આત્માનું લક્ષ્ય રાખી ગમે ત્યારે ગમે તેવા આચરણો કરવા એ નિશ્ચયની વિકૃતિ છે.

આત્મિક લક્ષ્ય ગુમાવી કેવળ બાહ્ય આચરણોમાં જ આસક્ત રહેવું એ વ્યવહારની વિકૃતિ છે.

નિશ્ચય ને વ્યવહારનો સહયોગ એ આત્મિક ઉન્નતિનો રાજમાર્ગ છે.

અશુદ્ધ કે વિશુદ્ધ એમ બન્ને ચાલુ આચરણોને ગૌણ કરી નિશ્ચયની પ્રધાનતા તે આત્મવિકાસ ને ધ્યેયને મેળવવાની ટૂંકી કેડી છે. એ કેડીએ ચાલનારમાં આત્મવિશ્વાસ પૂર્ણ હોવો જોઇએ. ગમે તેવા ભય ને ઉપદ્રવોનો સામનો કરવાની શક્તિ હોવી જોઈએ ત્યાં ચાલનારના આચરણો અશુદ્ધ તો હોય જ નહિં. થોડા ઘણા હોય તો તે વિશુદ્ધ જ હોય.

# જૈન વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્

લેખકઃ—શાહ ચતુર્ભુજ જેચંદભાઇ. B. A. LL. B.

વિક્રમ સંવતની શરૂઆત ભગવાન મહાવીર નિર્વાણથી ૪૭૦ વર્ષે થઈ હોવાનું જૈનોમાં સર્વમાન્ય છે. તેવી જ રીતે ઇ. સ. પૂર્વે એટલે ઇસુ ખ્રિસ્તના પહેલા ૫૬-૫૭ વર્ષે વિક્રમ નામે ઓળખાતા સંવતની શરૂઆત થયાનું જૈનેતર ગ્રંથકારો તથા હાલના વિદ્વાન ઇતિહાસકારો માને છે. પણ તે વિક્રમ સંવત તે સંવતપ્રવર્તક કયા મહાન રાજવી તથા તેના રાજ્યકાલની કઇ મહત્વની ઘટના સાથે સંબંધ છે, તથા તે સંવતપ્રવર્તક વિક્રમાદિત્ય નામે ખરેખર કોઈ રાજા તે સમયમાં થયો છે કે કેમ, તથા સંવત્ શબ્દ સાથે વિક્રમ નામની યોજના કયારથી થઇ તે સંબંધી હિંદુધર્મી પંડિતો, હાલના વિદ્વાનો અને ઇતિહાસકારો વચ્ચે મોટો મતભેદ છે.

વિક્રમ નામે ઓળખાતા સંવતની શરૂઆત સાથે વિક્રમ નામ યોજાયાનું અને તેના પ્રવર્તક તરીકે તે સમયમાં વિક્રમાદિત્ય નામે કોઇ રાજા થઈ ગયાનું હાલના મોટા ભાગના ઇતિહાસકારો માનતા નથી; કારણ કે તે સમયના વિક્રમ નામે કોઇ રાજા અને તેની વંશાવળી અથવા શિલાલેખ અત્યાર સુધી ઇતિહાસકારોને મળતાં નથી. જુદા જુદા ગ્રંથોમાં વિક્રમાદિત્ય સંબંધે જે કાંઇ વૃત્તાંતો મળે છે તે સર્વ વિક્રમના એક હજાર વર્ષ બાદ રચાયેલા છે. અને તેમાં પરંપરાગત માન્યતા, કથા અને દંતકથાઓ સિવાય અતિહાસિક તત્ત્વ બહુ ઓછું છે; અને તે કથાઓ પણ ઇ. સં. ૩૮૦ થી ૪૧૫ વર્ષમાં થયેલા ગુપ્ત-

---

આત્મભાન વગરના કેવળ બાહ્ય આચરણો જો અશુદ્ધ હોય તો તે મૂળ સ્થિતિમાંથી પાછા પડવારૂપ છે ને વિશેષ હોય તો તે દિશાશૂન્ય સ્થિતિમાં દોડવારૂપ છે.

કેવળ નિશ્ચયમાં દંભ એવી ખૂબીથી ઘર કરી જાય છે કે ભલભલાને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ થઇ પડે છે.

કેવળ વ્યવહાર નિશ્ચયથી એટલો દૂર રહે છે કે તે નિશ્ચયનું દર્શન પણ કયારે કરશે તે સમજી શકાતું નથી.

આ નિશ્ચય ને વ્યવહારને અંગે પુષ્કળ સાહિત્ય લખાએલ છે. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે તો બન્નેનો સમન્વય સમજાવતું વિવરણ ભાષામાં પણ ઘણું લખ્યું છે.

જીવનને ઉન્નતિ તરફ દોરી જતાં ધર્મરથના એ બન્ને ચક્રના એકે આરાને આંચ ન આવે તેમ રહો ને બન્નેની એકવાકયતા સાધી વિકાસ સાધો.

મુનિરાજશ્રી ધુરંધરવિજયજી

વંશી બીજા ચંદ્રગુપ્ત જે વિક્રમાદિત્ય નામે પણ પ્રસિદ્ધ હતો તેના પરાક્રમ, ઉદારતા, દાન-પરાયણતા, પરદુઃખભંજકપણાના ગુણોને ઉદ્દેશીને લખાયેલી લાગે છે. પરાપૂર્વની લોકમાન્યતા ગમે તેમ હોય પણ અત્યાર સુધી ઇતિહાસમાં ગુપ્તવંશી બીજા ચંદ્રગુપ્તને જ વિક્રમાદિત્ય નામે ઓળખવામાં આવે છે. તેને તેની પૂર્વે ૪૩૬ વર્ષે ચાલુ થયેલ સંવત્ સાથે કાંઇ સંબંધ નથી. તે ચંદ્રગુપ્તના પરાક્રમની યાદગીરીમાં તેની પૂર્વે ૪૩૬ વર્ષે ચાલેલા સંવત્ સાથે તેનું વિક્રમ નામ જોડી દીધાની કલ્પના ખોટી છે. તે ઘણો જ પરાક્રમી ઉદાર હતો. તે ધારત તો શક અથવા ગુપ્ત સંવત્ માફક પોતાના જ સમયનો સંવત્ શરૂ કરી શકે તેવો તે શક્તિશાળી હતો પણ બીજાના સંવત્ ઉપર પોતાનું નામ ચઢાવી દેવા જેવી ક્ષુદ્ર મનોવૃત્તિ તો તેને માટે માની શકાય નહિ. ઉપરાંત સંવત્ સાથે વિક્રમ નામની યોજના સંવત્ ૮૯૮ પહેલાના કોઇપણ શિલાલેખ અથવા ગ્રંથમાં મળતી નથી. સંવત્ ૮૯૮ ના ધોળપુરના એક શિલાલેખમાં હજુ સુધી પહેલી જ વખત સંવત્ સાથે વિક્રમ શબ્દ જોડેલો જોવામાં આવેલ છે. વિક્રમ સંવત્ અને તેના મનાતા પ્રવર્તક વિક્રમાદિત્ય સંબંધે ઐતિહાસિક દૃષ્ટિએ આવી શોચનીય સ્થિતિ હોવાથી તે નિમિત્તે બે વર્ષ પહેલા ઉજ્જૈન શહેરમાં યોજાયેલ વિક્રમના દ્વિસહસ્રાબ્દિ ઉત્સવમાં અત્યારના કેટલાક વિદ્વાન ઇતિહાસકારોએ ભાગ લીધો નહોતો. વિક્રમના તે બે હજાર વર્ષ પૂરા થવાના ઉત્સવ પહેલા હિન્દુ પંડિતો, વિદ્વાનો અને ઇતિહાસકારો વચ્ચે ઘણી ચર્ચાઓ ચાલી હતી. તે ચર્ચાની વિગતોમાં ઉતરવાનું આ સ્થળ નથી તેથી તેના સારાંશ તરીકે એટલું કહેવું જોઇએ કે એક બાજુ લોકશ્રદ્ધામાન્ય વિક્રમ સંવત્ અને તેના પ્રવર્તક વિક્રમાદિત્ય અને બીજી બાજુ અત્યાર સુધી ઐતિહાસિક દૃષ્ટિએ તે સંવત્‌ના નિરાધાર વિક્રમાદિત્ય અને પાછળથી ઘણા વખતે જોડી કાઢેલ વિક્રમ શબ્દ યુક્ત સંવત્ વિષેનો કોયડો ઊભો જ રહ્યો હતો. આ દેશની આવી મહત્વની ઘટના સંબંધે ઐતિહાસિક દૃષ્ટિએ તે ઘણી જ શોચનીય સ્થિતિ છે. તે આ લેખકને કેટલાક વખતથી ખ્યાલમાં હતી, તેવામાં જૈન દૃષ્ટિએ મહત્વનું ઐતિહાસિક સંશોધન કરનાર વિદ્વાન મુનિ મહારાજ ( હાલમાં આચાર્ય ) કલ્યાણવિજય-કૃત "વીર નિર્વાણ સંવત્ અને જૈન કાલ ગણના" નામનું પુસ્તક વાંચવામાં આવ્યું, અને તે ઉપરથી વિક્રમ સંવત્ અને વિક્રમાદિત્ય વિષેની લાંબા વખતથી ચાલી આવતી આ દેશની એક મહત્વની ઐતિહાસિક ત્રૂટી-કોયડાનો અમુક અંશે ઉકેલ આવશે તેમ ધારી આ લેખ લખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે; તે વિચારણા માટે નમ્રતાપૂર્વક અહીં રજૂ કરું છું.

તે માટે વિક્રમ નામે ઓળખાતા સંવત્‌ની શરૂઆત કેવી રીતે થઇ અને તે સમયની આસપાસ વિક્રમાદિત્ય નામે અથવા જેને વિક્રમાદિત્ય કહી શકાય તેવો કોઇ રાજા થયો છે કે કેમ તે જોવું જોઇએ. વીર નિર્વાણ સંવત્‌થી જે ઐતિહાસિક કાલ ગણનાની શૃંખલાનો ( chain of historical events ) જે જુદા જુદા પ્રાચીન જૈન ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી એટલું ચોક્કસ થાય છે કે ગર્દભિલ્લોચ્છેદક પ્રસિદ્ધ કાલકાચાર્ય વીર નિર્વાણથી ૪૫૩ વર્ષમાં હયાત હતા, અને તેના સમયમાં ભરૂચમાં બલમિત્ર-ભાનુમિત્ર

નામે પ્રસિદ્ધ રાજવી ભાઇઓ તથા ઉજ્જૈનમાં ગર્દભિલ્લ નામે રાજા રાજ્ય કરતા હતા. તે કાલકાચાર્ય ક્ષત્રિય રાજવી કુળના હતા. તેમણે અને તેની બ્હેન સરસ્વતીએ જૈન દીક્ષા ગ્રહણ કરી હતી. ભરૂચના રાજા બલમિત્ર-ભાનુમિત્ર તેના ભાણેજો થતા હતા અને તેઓ ઉપરોક્ત ગર્દભિલ્લ રાજાના વંશજ થતા હતા તેવી પણ માન્યતા છે. કોઇ અનિષ્ટ સંયોગે સરસ્વતી સાધ્વી ઉપર ગર્દભિલ્લ રાજાની કુદૃષ્ટિ થતાં તેનું અપહરણ કરવામાં આવ્યું. જૈન સંઘ તથા કાલકાચાર્યની ઘણી વિનતિ-સમજાવટ છતાં ગર્દભિલ્લે સાધ્વીજીને મુક્ત કર્યા નહિ. તે સમયમાં ગર્દભિલ્લ ઘણો બલવાન રાજા ગણાતો હતો અને તેણે કોઇ યોગી પાસેથી ગર્દભી વિદ્યા પ્રાપ્ત કરી હતી, જે વિદ્યાના બળે લડાઇમાં તે કોઇ પણ શત્રુ-સૈન્યનો નાશ કરી શકતો હતો તેથી કાલકાચાર્યના ઘણા પ્રયાસ છતાં ગર્દભિલ્લ સામે કોઇ રાજવીએ સરસ્વતી સાધ્વીને છોડાવવામાં મદદ કરવાની હિંમત કરી નહિ. છેવટ કાલકાચાર્યે ગર્દભિલ્લ સામે પરદેશીઓની મદદ મેળવવા પારીસ કુલ દેશ, હાલ જે ઇરાનદેશ તરીકે ઓળખાય છે ત્યાં પ્રયાણ કર્યું (પારીસ કુલને બદલે સિંધુ દેશમાં ગયાની એક માન્યતા છે.) અને ત્યાંના શાહિ, શાખી અથવા શક જાતિના ૯૬ માંડલિક રાજાઓ સાથે સૌરાષ્ટ્રમાં આવી ત્યાંથી ગર્દભિલ્લ સામે ઉજ્જૈન ઉપર ચઢાઇ કરી. તે ચઢાઇમાં બલમિત્ર-ભાનુમિત્રે પણ મદદ કર્યાની માન્યતા છે. લડાઇમાં ગર્દભિલ્લ રાજાની ગર્દભી વિદ્યાને યુક્તિપૂર્વક નિષ્ફળ કરવામાં આવતા ગર્દભિલ્લ પકડાયો અથવા માર્યો ગયો, અને શકોના મુખ્ય માંડલિક રાજાએ ઉજ્જૈનમાં આ દેશમાં પ્રથમ શક ગાદી સ્થાપી. જૈન ગ્રંથો ઉપરથી આ ઘટના વીર નિર્વાણથી ૪૫૩ વરસે થયાનું મનાય છે. શક રાજા પરદેશી હોવાથી અથવા ગમે તે કારણે થોડા જ વખતમાં લોકોમાં ઘણા અપ્રિય થઇ પડ્યા અને ભરૂચના બલમિત્ર રાજાએ શક રાજાને હરાવીને ઉજ્જૈનમાં પોતાની ગાદી સ્થાપી. જૈન ઐતિહાસિક કાલ ગણના મુજબ-કોઇના રાજ્ય અને સમય બાબત થોડીક જુદી માન્યતા એક બાજુ રાખતા-વીર નિર્વાણથી અવન્તિ-ઉજ્જૈનમાં ૬૦ વર્ષ પાલક રાજાનું રાજ્ય, ૧૫૦ વર્ષનો નંદવંશનો રાજ્યકાળ, તે પછી ૧૬૦ વર્ષનો મૌર્યવંશનો રાજ્યકાળ, તે પછી ૩૫ વર્ષનો પુષ્યમિત્રનો (જેને સં. ૨૦૦૨ ના ભાદ્રપદ માસના અંકમાં પ્રગટ થયેલ મારા લેખમાં કલ્કિ તરીકે ઓળખાવેલ છે) રાજ્યકાળ અને તે પછી ૬૦ વર્ષનો ભરૂચના રાજા બલમિત્રનો રાજ્યકાળ આવે છે. તે હિસાબે વીર નિર્વાણથી ૪૦૫ વર્ષે બલમિત્રનો ભરૂચમાં રાજ્યાભિષેક થતો હતો અને તેના રાજ્યના ૪૭-૪૮ વર્ષે ઉજ્જૈનના ગર્દભિલ્લોચ્છેદની ઘટના બની, અને ત્યારપછી ચાર વરસે એટલે વીર નિર્વાણથી ૪૫૭ વર્ષે શક રાજાને હરાવી બલમિત્રે ઉજ્જૈનમાં ગાદી સ્થાપી. ઉજ્જૈનમાં બલમિત્રે આઠ વર્ષ રાજ્ય કર્યું અને તેના મૃત્યુ પછી વીર નિર્વાણથી ૪૬૫ વરસે તેનો પુત્ર નભઃસેન તેની ગાદીએ આવ્યો. તેણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું. તેના રાજ્યના પાંચમા વરસે એટલે વીર નિર્વાણથી ૪૭૦ વરસે શક રાજાઓએ ફરી ઉજ્જૈન ઉપર ચઢાઇ કરી. માલવ પ્રજાએ લડાઇમાં શક રાજાઓને વીરતાપૂર્વક હરાવ્યા અને તેની યાદગીરીમાં ઉજ્જૈન-માલવાના લોકોએ એક સંવત્સર-સંવત્ ચલાવ્યો જે માલવ અથવા માલવગણ સંવત્, અથવા કૃત સંવત્ નામે ઓળખાતો અને પાછળથી

તેને વિક્રમ સંવતનું નામ આપવામાં આવ્યું, જે હાલ પર્યંત ચાલુ છે. પાવાપુરીકલ્પ વિગેરે કેટલાક જૈન ગ્રંથોમાં વિક્રમ સંવત્ પ્રવૃત્તિનું એક બીજું કારણ એમ આપવામાં આવે છે કે વીર નિર્વાણથી ૪૭૦ વર્ષે વિક્રમ રાજા ઉજ્જૈનની ગાદીએ આવ્યો અને તેણે પૃથ્વીને ઋણમુક્ત એટલે પ્રજાને કરજમુક્ત કરતાં તેની યાદગીરીમાં સંવત્ ચલાવવામાં આવ્યો જે વિક્રમ સંવત્ તરીકે ઓળખાય છે. રાજા બલમિત્ર સંબંધે પૃથ્વી ઋણમુક્ત કરવાની વાતનો ખુલાસો એમ થાય છે કે-ઉજ્જૈન ઉપર બલમિત્રના ફક્ત આઠ વર્ષના રાજ્યકાળમાં તેની હયાતીમાં પૃથ્વીને ઋણમુક્ત કરવા જેટલું દ્રવ્ય એકઠું થયેલું નહિ પણ તેના સ્વર્ગવાસ બાદ પાંચ વરસે તેના પુત્ર નભ:સેને, જોઇતા દ્રવ્યનો સંગ્રહ થતાં, પૃથ્વીને ઋણમુક્ત કરી અને બલમિત્ર-વિક્રમાદિત્યની યાદગીરીનો સંવત્ ચલાવ્યો. ગમે તેમ માનીએ તો પણ વીર નિર્વાણથી ૪૭૦ વરસે વિક્રમ નામે ઓળખાતો સંવત્ ચાલુ થયાની વાત જૈન ગ્રંથોમાં સર્વમાન્ય છે.

હવે તે સંવત્પ્રવર્તક વિક્રમાદિત્ય નામે કોઇ રાજા થયો છે કે કેમ? તે જોવાનું રહે છે. ઉપર બલમિત્ર અને વિક્રમાદિત્યની વાત આપેલ છે. પૂજ્ય આચાર્ય શ્રી કલ્યાણવિજયજી મહારાજ ગર્દભિલ્લ પછી શકરાજાને હરાવી ભરૂચના ઉપર લખેલ બલમિત્ર ઉજ્જૈનની ગાદીએ આવ્યા તેને વિક્રમાદિત્ય ગણે છે. સંસ્કૃત ભાષામાં **બલનો અર્થ વિક્રમ** અને **મિત્રનો અર્થ આદિત્ય** થાય છે, તે બલમિત્રનું ઉપનામ અથવા પર્યાયવાચક વિક્રમાદિત્ય નામ તે ઉજ્જૈનની ગાદી ઉપર આવ્યા ત્યારે પ્રસિદ્ધ થયાનું માને છે. પણ બલમિત્ર-વિક્રમાદિત્યના એ નામો ઉપરથી અને રાજ્યગાદીનું શહેર ભરૂચ પછી ઉજ્જૈન થવાથી પાછળના ગ્રંથકારોએ તે બંને ભિન્ન વ્યક્તિઓ માની લઇ તેમના સમય બાબત ફેરફાર કરી નાંખ્યો છે. પણ ખરૂં જોતાં તે બંને એક જ વ્યક્તિ છે. ઉપર મુજબ બલમિત્ર વિક્રમાદિત્ય હોવાની એક વાત થઇ. તે સંબંધે પાવાપુરીકલ્પ, વિચારશ્રેણી વિગેરે કેટલાક ગ્રંથોમાં બીજી માન્યતા એ છે કે-ગર્દભિલ્લનો પુત્ર વિક્રમાદિત્ય હતો તે શક રાજાને હરાવીને વીર નિર્વાણથી ૪૭૦ વરસે ઉજ્જૈનની ગાદીએ આવ્યો. પાવાપુરીકલ્પની રાજ્યવંશની ગણના મુજબ બલમિત્ર-ભાનુમિત્ર ગર્દભિલ્લ પહેલા ૧૦૦ વરસે ગાદીએ આવ્યા હતા. તેણે ૬૦ વર્ષ અને તે પછી નરવાહનના ૪૦ વર્ષના રાજ્યકાળ બાદ ગર્દભિલ્લ ઉજ્જૈનની ગાદીએ આવ્યો. એ જોતાં કાલકાચાર્ય, બલમિત્ર અને ગર્દભિલ્લ વચ્ચેનો અગાઉ ઉપર દર્શાવેલ ઐતિહાસિક સંબંધ તદ્દન છૂટો પડી જાય છે, તેથી ગર્દભિલ્લનો પુત્ર વિક્રમાદિત્ય હોવાની માન્યતા ઐતિહાસિક દૃષ્ટિએ કેટલી વિશ્વસનીય ગણવી તે વિચારવા જેવું છે. ઉપરાંત વિક્રમ સંવતપ્રવર્તક વિક્રમાદિત્ય સંબંધે જે ઉલ્લેખો જૈન ગ્રંથોમાં મળે છે તે સર્વ વિક્રમ સંવત્ ૧૦૦૦ વર્ષ અને તે પછીના કાળમાં રચાયેલા છે, અને તેમાં બલમિત્ર વિક્રમાદિત્યથી ભિન્ન વ્યક્તિ હોવાની માન્યતા દર્શાવેલ છે; જ્યારે નિશીથ ચૂર્ણી, વ્યવહાર ચૂર્ણી, તિત્થોગાલી, કથાવલી, કાલક કથાઓ વિગેરે વધારે પ્રાચીન ગ્રંથોમાં ગર્દભિલ્લ પછી શક રાજાને હરાવીને બલમિત્ર ઉજ્જૈનની ગાદીએ આવ્યાના ઉલ્લેખો મળે છે જે વધારે વિશ્વસનીય છે, અને તે કોઇમાં બલમિત્રથી ભિન્ન વિક્રમાદિત્ય થયાનો

ઉલ્લેખ નથી. તેથી બલમિત્રના ઉપનામ અથવા પર્યાયવાચક નામ તરીકે વિક્રમાદિત્યને એક જ વ્યક્તિ ગણવાનું આચાર્ય શ્રી કલ્યાણવિજયજીનું અનુમાન વધારે વ્યાજબી છે. એમ છતાં તેમની તે માન્યતામાં મુશ્કેલી ઊભી કરે તેવી એક પ્રાચીન આચાર્ય હિમવત-કૃત થેરાવલી કચ્છ દેશમાં હોવાનું અને તેની મૂળ પ્રત નહિ પણ તેનું ગુજરાતી ભાષાંતર તેમને મળ્યાનું આચાર્યશ્રી તેમના પુસ્તકના અંતિમ ભાગમાં લખે છે. મૂળ પ્રત મળ્યા સિવાય કોઇ ચોક્કસ અભિપ્રાય આચાર્યશ્રી દર્શાવી શકતા નથી. મળેલ ભાષાંતર મુજબ વીર નિર્વાણથી ૨૯૪ વરસે ઉજ્જૈનની ગાદીએ આવનાર બલમિત્રને તેમાં જુદી જ વ્યક્તિ ગણાવેલ છે; અને તેની વંશપરંપરામાં ગર્દભિલ્લ વીર નિર્વાણથી ૩૯૪ વરસે ગાદીએ આવ્યો અને કાલકાચાર્યે તેનો શક રાજાઓની સહાયથી નાશ કરાવ્યો. તે પછી ઉજ્જૈનની ગાદીએ શક રાજા આવ્યા તેને ગર્દભિલ્લના પુત્ર વિક્રમાર્ક અથવા વિક્રમાદિત્યે વીર નિર્વાણથી ૪૧૦ માં હરાવ્યા અને તે ઉજ્જૈનની ગાદી ઉપર બેઠો. તે વિક્રમાદિત્ય ઘણો પરાક્રમી, જૈન ધર્મ આરાધક, પરોપકારી અને ઘણો લોકપ્રિય હતો. આચાર્ય મેરુતુંગની 'વિચારશ્રેણી' અનુસાર વિક્રમાદિત્યે વીર નિર્વાણ ૪૧૦ થી ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું તે હિસાબે વિક્રમાદિત્યનું મૃત્યુ વીર નિર્વાણથી ૪૭૦ વરસે થયું. કેટલાક જૈન આચાર્યો વીર નિર્વાણથી વિક્રમ મૃત્યુ અને તેના સંવત્ વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર ગણે છે તેને મેરુતુંગનો તથા ઉપરની હિમવત્ થેરાવલીથી ટેકો મળે છે. ઉપર મુજબ વીર નિર્વાણ અને વિક્રમ સંવત્ વચ્ચે જે ૪૭૦ વર્ષનું અંતર મનાય છે તે વીર નિર્વાણથી વિક્રમ મૃત્યુ વચ્ચેનું અંતર છે જ્યારે બીજા ઘણાખરા જૈન ગ્રંથો મુજબ એ અંતર વીર નિર્વાણથી વિક્રમ રાજ્યારોહણ અથવા વિક્રમ સંવત્સર પ્રવૃત્તિ વચ્ચેનું છે. વિદ્વાનો માટે આ એક મહત્વની વિચારણા અને સંશોધનનો વિષય છે.

ઉપર મુજબ એટલું જોઇ શકાશે કે વિક્રમ સંવત્ સાથે બલમિત્ર-વિક્રમાદિત્ય અથવા ગર્દભિલ્લ પુત્ર વિક્રમાદિત્યને ચોક્કસ સંબંધ છે. તે બે પૈકી ગમે તેને વિક્રમાદિત્ય માનવામાં આવે પણ વિક્રમ સંવત્‌ની શરૂઆત સાથે સંબંધ ધરાવનાર વિક્રમાદિત્ય થયો છે તે ચોક્કસ છે. જો કે તે સંવત્ સાથે વિક્રમ શબ્દપ્રયોગ સંવત્ ૮૯૮ પહેલાના કોઇ શિલાલેખ અથવા ગ્રંથમાં મળતો નથી, તેમ છતાં તે પહેલા પણ વિક્રમ સંવત્ તરીકે તે ઓળખાતા હોય તેમ માની શકાય. મુસ્લીમ યુગમાં જૈનો તથા હિંદુઓના ઘણા મંદિરો, ધાર્મિક ગ્રંથોના નાશ સાથે કેટલાક મહત્વના શિલાલેખોનો પણ નાશ થયો હશે. ઉજ્જૈન શહેર તથા તેના પ્રખ્યાત મહાકાલેશ્વર મંદિરનો પણ નાશ થયો હતો. તે વિનાશકાળમાં વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્ સંબંધી આધાર ગ્રંથો અને શિલાલેખોનો નાશ નહિ થયો હોય તે કોણ કહી શકે ? શક તથા ગુપ્ત સંવત્ પણ કેટલીક વખત એકલા સંવત્ નામે ઓળખાતા હતા, પણ જ્યારે તેને શક તથા ગુપ્ત સંબંધી વિશેષ ઓળખાણ આપવી શરૂ થઇ તે સમયમાં વિક્રમ સંવતને તે રીતે વિશેષ ઓળખાણ આપવી શરૂ થઇ હોય એમ બનવાજોગ છે. એટલે હાલના ઇતિહાસકારો વિક્રમાદિત્યના અસ્તિત્વ તથા તેની સાથે વિક્રમ સંવતપ્રવૃત્તિને નિરાધાર માને છે તે બરોબર નથી. તેઓ જો તે

સંબંધી જૈન ગ્રંથોનો બરોબર અભ્યાસ કરે અને જૈન વિદ્વાનો તે માટે પૂરતો પ્રયાસ કરે તો વિક્રમાદિત્ય અને તેના સંબંધમાં વિક્રમ સંવત્‌ની પ્રવૃત્તિ થયાનો ઐતિહાસિક દૃષ્ટિએ સ્વીકાર કરાવી શકાય તેમ છે. જૈન ધર્મના ગ્રંથોના આધારોનો ઐતિહાસિક બનાવોના આધારો માટે હિંદુ તથા બીજા ઇતિહાસકારો ઘણી વખત કોઇ પૂર્વ ગ્રહના કારણે જોઇતો ઉપયોગ કરતા નથી તે જ વિટંબણાનું આ પરિણામ છે. જૈન ધર્મના ગ્રંથો ભગવાન મહાવીરના સમયથી ૧૦૦૦ વર્ષ સુધીના ઇતિહાસની કેટલીક મહત્વની સળંગ સાંકળ પૂરી પાડે છે. તેમાં વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્‌પ્રવૃત્તિનું મહત્વનું સ્થાન છે. બલમિત્ર-વિક્રમાદિત્ય તેના કાલકાચાર્ય' સાથેના સંબંધ ઉપરાંત બીજા આધારોથી પણ તે જૈનધર્મી હતો તે વાત ચોક્કસ છે પણ તેનો જૈનેતર ગ્રંથોમાં ઉલ્લેખ સરખો પણ નથી જ્યારે તેમાં ગર્દભિલ્લવંશીય રાજાઓનો ઉલ્લેખ મળે છે પણ તેમાં ગર્દભિલ્લ દર્પણ રાજાનો શકોનો હાથે કેમ નાશ થયો અને શકોએ પ્રથમ જ વાર આ દેશમાં ઉજ્જૈનમાં ગાદી સ્થાપી તથા ચાર વર્ષમાં બલમિત્ર અથવા વિક્રમાદિત્યે શકોને ઉજ્જૈન માળવામાંથી હાંકી કાઢ્યા આવા મહત્વના ક્રાંતિકારી બનાવોનો કોઇપણ હિંદુ ધર્મગ્રંથો કે અત્યારના ઇતિહાસમાં કાંઇ ઉલ્લેખ મળતો નથી. જૈન ધર્મ ગ્રંથો જ તે માહિતી પૂરી પાડે છે, પણ તે જૈન ઇતિહાસને લગતી મહત્વની ઘટના તે પછી ચાર સો વર્ષ બાદ શૈવધર્મી બીજો ચંદ્રગુપ્ત-વિક્રમાદિત્ય વિશેષ પ્રસિદ્ધિમાં આવતા પ્રથમના જૈન વિક્રમાદિત્યની વાત જૈન ધર્મ પ્રત્યે અન્ય ધર્મીઓના અનાદર અથવા ઉપેક્ષાભાવને કારણે તેમજ જૈનોના પોતાના પ્રમાદ-નબળાઇને કારણે ઇતિહાસમાં ઢંકાઇ-ભૂલાઈ ગઇ છે. બલમિત્રને બદલે ગર્દભિલ્લ પુત્રને વિક્રમાદિત્ય માનવામાં આવે તો તે પણ જૈનધર્મી હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. શક રાજાઓને હરાવનાર પ્રથમ કોઈ શકારિ ગણાતો હોય તો તે જૈન વિક્રમાદિત્ય છે, પણ અત્યારના ઇતિહાસમાં તો તે પ્રથમના વિક્રમાદિત્ય સંબંધી વાતો, પરંપરાગત માન્યતા, લોકશ્રદ્ધા અને કેટલાક ગ્રંથોમાં દંતકથારૂપે જ જીવતી રહી છે.

જ્યારે ચાલુ ઇતિહાસમાં ઇ. સ. ૩૮૦ થી ૪૧૫ વર્ષમાં થયેલા ગુપ્તવંશી બીજા ચંદ્રગુપ્તને જ ખરો વિક્રમાદિત્ય માની લેવામાં આવેલ છે. તે ચંદ્રગુપ્ત તેના પરાક્રમ વિગેરે ગુણોને કારણે વિક્રમાદિત્ય તરીકે સુપ્રસિદ્ધ થયો હતો તેની કોઇથી ના પાડી શકાય નહિ, અને બલમિત્ર-વિક્રમાદિત્ય માફક તે ચંદ્રગુપ્ત-વિક્રમાદિત્યે સૌરાષ્ટ્ર, ગુજરાત, ઉજ્જૈન-માળવામાંથી શક લોકોને હરાવી હાંકી કાઢી ઉજ્જૈનમાં પોતાની ગાદી સ્થાપી હતી અને તેથી તે પણ શકારિ કહેવાય છે. એટલે બંને વિક્રમાદિત્યોના નામ, સ્થળ અને અમુક મુખ્ય ઘટનાના સરખાપણાને લઇને એક બીજાના સમયની કેટલીક વાતો એકબીજાના નામ ઉપર ચડી ગઇ હોય તો નવાઈ નથી. વિક્રમાદિત્ય સંબંધે કેટલીક સાચી અને ઘણી દંતકથારૂપ એવી વાતો પ્રચલિત થઇ છે કે એમાંથી કોના વખતનું સાચું શું માનવું તે મુશ્કેલ પડે તેવું છે. માળવામાં એક કરતા વધારે ભોજરાજા થઈ જતાં આવું જ બન્યું છે. વિક્રમાદિત્ય અને સિદ્ધસેન દિવાકરના સમય બાબત જૈનોમાં પણ એક ભૂલભરેલી માન્યતા રૂઢ થઇ છે. વિક્રમ સંવત્ ૧૦૦૦ વર્ષ બાદ રચાયેલા ઘણા જૈન ગ્રંથો મુજબ

પરંપરાથી સિદ્ધસેન દિવાકરનો સમય વીર નિર્વાણથી ૫૦૦ વર્ષનો અને સાથે તેને વિક્રમાદિત્યના સમકાલીન માનવામાં આવે છે તેમાં તેને પ્રથમના જૈન વિક્રમાદિત્યના સમય નજીક મૂકવાનો પ્રયાસ છે, પણ સિદ્ધસેન દિવાકરની ગુરુપરંપરામાં થયેલા આર્ય ખપટ, પાદલિપ્તસૂરિ, સ્કંદિલાચાર્ય, વૃદ્ધવાદીનો સમય જોઇએ તો તે વિક્રમના પેલાથી ચોથા સકામાં આવે છે એટલે સિદ્ધસેનનો સમય વિક્રમની ચોથા પાંચમી સદીનો ગણી શકાય, જે વખતે વિક્રમ સંવત્પ્રવર્તક જૈન વિક્રમાદિત્ય નહિ પણ બીજા ચંદ્રગુપ્ત-વિક્રમાદિત્યના સિદ્ધસેન સમકાલીન હતા તેમ માનવું જોઇએ. ચંદ્રગુપ્ત-વિક્રમાદિત્ય શૈવધર્મી હતો અને તેની રાજસભામાં મહાકવિ કાલિદાસ વિગેરે પંડિતો બ્રાહ્મણધર્મી હતા. તેથી જ પ્રસંગ મળતા સિદ્ધસેને વિક્રમ રાજાને જૈન ધર્મનો પ્રતિબોધ પમાડી જૈન ધર્મ પ્રત્યે વિક્રમાદિત્યને અનુરાગી બનાવ્યો હતો, છતાં તે શૈવધર્મી તો રહ્યો જ હતો. ગુજરાતના મહારાજા સિદ્ધરાજને હેમચંદ્રાચાર્યે જૈન ધર્મનો પ્રતિબોધ પમાડવા છતાં જેમ તે છેવટ સુધી શૈવધર્મી હતો તેવું જ વિક્રમાદિત્ય માટે કહી શકાય. જૈન ધર્મના ગ્રંથોમાં વિક્રમાદિત્યની વાત આવે ત્યાં તેને સાચી રીતે જૈનધર્મી અને વિક્રમ સંવત્પ્રવર્તક માનેલ છે પણ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને લગતી કેટલીક કથાઓ જૈન વિક્રમાદિત્યના નામે ચડાવી દેવામાં આવી છે. તેવી જ રીતે ઘણા હિંદુ ધર્મગ્રંથોમાં વિક્રમાદિત્યને શૈવધર્મી માનેલ છે તે ઉપરાંત તે વિક્રમની પેલી સદીમાં થયો હોવાનું માની લીધેલ છે. જુદા ધર્મના, જુદા સમયના બે વિક્રમાદિત્યો વિષે પાછળના ગ્રંથકારોના હાથે થયેલ સેળભેળનું આ પરિણામ છે છતાં તે બંને જુદા હોવાનું સૂચન-સાબિતીરૂપ છે. આ સેળભેળના પરિણામે ઘણા બ્રાહ્મણધર્મી પંડિતો અને અત્યારના કેટલાક વિદ્વાનોએ શૈવધર્મી વિક્રમાદિત્યને વિક્રમની પેલી સદીમાં થયેલા તથા વિક્રમ સંવત્પ્રવર્તક માની લીધેલ છે તેના પરિણામે તેઓએ જૈનોના કાંઇ પણ પ્રયાસ વગર વિક્રમાદિત્ય અને વિક્રમ સંવત્નો બે વર્ષ પહેલા જે ભારે દબદબાપૂર્વક દ્વિસહસ્રાબ્દિ ઉત્સવ ઉજ્જૈનમાં ઉજવ્યો એના મુખ્ય પાત્ર જૈનધર્મી વિક્રમાદિત્ય અને તેના સમયમાં પ્રવર્તેલ સંવત્ હતા એમ તેઓ જાણશે ત્યારે તેમને ભારે આશ્ચર્ય થશે. જૈન ધર્મના ઇતિહાસની અજ્ઞાનતાનો આ એક અજાયબીભર્યો સુખદ બનાવ છે.

લેખ ઘણો લાંબો થવા છતાં જોઇએ તેવી સારી રીતે અને પૂરતી હકીકતો સાથે લખી શકાયો નથી, તેથી ભાષા તથા હકીકતમાં કાંઇ દોષ હોય તે માટે ક્ષમા માગું છું. જૈન તથા બીજા વિદ્વાન વાચકવર્ગને આટલી વિજ્ઞપ્તિ છે કે તેઓએ આ લેખના મુખ્ય આધાર તરીકે લીધેલા આચાર્ય કલ્યાણવિજયજીકૃત 'વીર નિર્વાણ સંવત્ અને કાલગણના' નામનું પુસ્તક વાંચવું જે ઉપરથી ઘણી વિશેષ વિચારણા અને સંશોધન માટે તેઓ યથાશક્તિ પ્રયાસ કરે. હાલમાં બહુ થોડા અપવાદો સિવાય જૈન વિદ્વાન આચાર્યાદિક મુનિમહારાજાઓમાં અને તેથી પણ બહુ ઓછા જૈન ગૃહસ્થોમાં શાસ્ત્રોમાં કોઈ કાંઇ બાબત જે શંકા, મતભેદ, ઐતિહાસિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ દોષ-ઊણપ જોવામાં આવે છે તેમાં સત્યાન્વેષણ દૃષ્ટિએ સંશોધન કે ખુલાસો કરવાની વૃત્તિ ઘણી ઓછી થઇ છે. તે પુનઃ જાગૃત થાય તેવી નમ્ર અભ્યર્થના છે.

---

# શ્રી પ્રશ્નસિંધુ

(૨૧)

લેખક—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગત વર્ષના પૃષ્ઠ ૧૩૦ થી શરૂ )

**૨૩૮ પ્રશ્ન—**શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપનું ધ્યાન કરવાની બાબતમાં શ્રી જિનસ્તોત્રાદિમાં ઈયળ અને ભમરીનું દૃષ્ટાંત આપ્યું છે. અહીં પૂછવાનું એ છે કે–ઈયળ એ બેઇંદ્રિય જીવ છે ને ભમરી એ ચઉરિન્દ્રિય જીવ છે. ઇયળનો જીવ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને, એ વાત કઇ રીતે ઘટી શકે ?

ઉત્તર—જેમ ઇયળ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને છે, તેમ ભવ્ય જીવો શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન કરતાં શ્રી જિનેશ્વરદેવસ્વરૂપ બને છે. એવો નિયમ છે કે–'જે જેને ધ્યાવે, તેવો તે બને.' ઇયળ જ્યારે ભમરીનું ધ્યાન કરે છે ત્યારે ઇયળનું આયુષ્ય પૂર્ણ થયા બાદ તેના કલેવરમાં ઇલિકાનો જીવ અથવા બીજો જીવ બીજી ગતિમાંથી આવીને ચઉરિંદ્રિય ભમરીરૂપે ઉપજે છે. આ રીતે ઇયળ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને છે. કહ્યું છે કે–"**इलिकाकलेवरमध्ये इलिकाजीवोऽपरो वा भ्रमरीत्वेनागत्योत्पद्यत इति**" એ જ પ્રમાણે શ્રી વીતરાગસ્તોત્ર ટીકાદિમાં પણ જણાવ્યું છે.

**૨૩૯ પ્રશ્ન—**ચક્રવર્તી છ ખંડના અધિપતિ કહેવાય છે. અહીં ખંડ શબ્દનો અર્થ શો ? તથા તે છ ખંડોની બે વિભાગમાં કઈ રીતે વ્હેંચણી કરવી ?

**ઉત્તર—**ભરતક્ષેત્રના બે વિભાગ છે. દક્ષિણ બાજુનો ભરતક્ષેત્રનો વિભાગ 'દક્ષિણાર્ધ ભરત' નામથી ઓળખાય છે અને ભરતક્ષેત્રનો ઉત્તર બાજુનો વિભાગ 'ઉત્તરાર્ધ ભરત' નામથી ઓળખાય છે. છ ખંડમાંના ત્રણ ખંડ દક્ષિણાર્ધ ભરતના આ પ્રમાણે જાણવા ૧ મધ્યખંડ–ગંગા નદી અને સિંધુ નદીનો વચલો પ્રદેશ તે 'મધ્યખંડ' નામથી ઓળખાય છે. એ એક ખંડ. ૨ ગંગાનિષ્કૂટખંડ–ગંગા નદીનો પૂર્વ બાજુનો પ્રદેશ એ બીજો ખંડ. ૩ સિંધુનિષ્કૂટખંડ–સિંધુ નદીનો પશ્ચિમ બાજુનો પ્રદેશ એ ત્રીજો ખંડ. આ જ પ્રમાણે–ત્રણ ખંડ ઉત્તર ભરતમાં જાણવા. આ છ ખંડને ચક્રવર્તી જીતે ત્યારે તેને ચક્રવર્તીપણાનો રાજ્યાભિષેક થાય, ત્યારથી તે ચક્રવર્તી રાજા તરીકે ગણાય.

**૨૪૦ પ્રશ્ન—**ચક્રવર્તી રાજાના ચૌદ રત્નો કયા કયા ?

**ઉત્તર—**૧ ચક્રરત્ન, ૨ છત્રરત્ન, ૩ ચર્મરત્ન, ૪ દંડરત્ન, ૫ મણિરત્ન, ૬ ખડ્ગરત્ન, ૭ કાકિણીરત્ન, ૮ સેનાપતિ, ૯ ગાથાપતિરત્ન, ૧૦ વાર્દ્ધકિરત્ન, ૧૧ પુરોહિતરત્ન, ૧૨ અશ્વરત્ન, ૧૩ સ્રીરત્ન અને ૧૪ ગજરત્ન. આ રીતે ચૌદ રત્નોના

નામ જાણવા. અહીં શરૂઆતના ૭ રત્નો એકેન્દ્રિય છે; ને તે પછીના ૮ થી ૧૪ સુધીના ૭ રત્નો પંચેન્દ્રિય જાણવા.

**૨૪૧ પ્રશ્ન**—મણિ વગેરે રત્ન તરીકે ઓળખાવાય, એ વ્યાજબી છે; કારણ કે રત્નના ૧૬ ભેદોમાં મણિરત્ન ગણ્યું છે, પણ સ્ત્રી વગેરેને રત્ન કહેવાનું શું કારણ?

**ઉત્તર**—રત્ન શબ્દની વ્યાખ્યા એ છે કે—દરેક જાતિમાં જે પ્રધાન-શ્રેષ્ઠ હોય, તે રત્ન સ્વરૂપ નહિ, પણ રત્નની જેવું ગણાય, કહ્યું છે કે-" **जातौ जातौ प्रधानं यत्तद्रत्नमभिधीयते** " આ અર્થ પ્રમાણે વાર્ધકિ ( સુથાર, કારીગર ), સ્ત્રી વગેરેમાં જે જે પદાર્થો વિશિષ્ટ ગુણાદિને લઇને ઉત્તમ ગણાતા હોય, તે રત્ન ( રત્ન સમાન ) કહેવાય એમ સમજવું. બીજા ગ્રંથોમાં રત્નના સ્થાને દેવ શબ્દ જોડીને નરદેવ વગેરે જણાવ્યા છે. એટલે જે અર્થમાં અહીં રત્ન શબ્દનો પ્રયોગ કર્યો છે તે જ અર્થમાં 'નરદેવ' વગેરેની માફક દેવ શબ્દનો પણ પ્રયોગ શ્રી ભગવતી સૂત્રાદિમાં જણાવ્યો છે.

**૨૪૨ પ્રશ્ન**—કર્મને મલ ( મેલ ) કહેવાનું શું કારણ?

**ઉત્તર**—જેમ મલ ( મેલ અથવા પરસેવો, ગાડાની મળી વગેરેના સંબંધથી મલિન થયેલ પદાર્થ ) નિર્મલ પદાર્થને મેલું બનાવે છે, તેમ કર્મ પણ મૂળ સ્વભાવે કરી નિર્મલ એવા આત્માને મેલો બનાવે છે માટે કર્મને મલ કહી શકાય. આ જ મુદ્દાને લક્ષ્યમાં રાખીને શ્રી આમ્રદેવસૂરિના શિષ્ય શ્રી નેમિચંદ્રસૂરિ મહારાજે શ્રી પ્રવચનસારોદ્ધારના ૨૧૪ મા દ્વારમાં જીવના જૂદી જૂદી રીતે થતાં વિવિધ ભેદો જણાવતાં જીવના પંદર ભેદો જણાવવાના પ્રસંગે એકેન્દ્રિયના સૂક્ષ્મ અને બાદર એ ભેદ ૨, ૩ બેઇંદ્રિય, ૪ તેઇંદ્રિય, ૫ ચતુરિન્દ્રિય, ૬ સંજ્ઞિપંચેન્દ્રિય, ૭ અસંજ્ઞિપંચેન્દ્રિય-આ સાત ભેદોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બે ભેદ ગણતાં ૧૪ ભેદ થાય અને પંદરમા 'અમલ' એટલે સિદ્ધ લેવા. આ રીતે ૧૫ ભેદ જણાવ્યા તેમાં '**अमल**' પદથી સિદ્ધને લીધા, તેનું કારણ જણાવતાં ટીકાકાર શ્રી દેવપ્રભસૂરિના શિષ્ય શ્રી સિદ્ધસેનસૂરિ મહારાજે કહ્યું કે-" **न विद्यते मल इव मलो निसर्गनिर्मलजीवमालिन्यापादनहेतुत्वादष्टप्रकारं कर्म येषां ते अमलाः सिद्धाः** "

**૨૪૩ પ્રશ્ન**—૧ ભુવનપતિ, ૨ વ્યંતર, ૩ જ્યોતિષ્ક, ૪ વૈમાનિક આ રીતે શ્રી પ્રજ્ઞાપના સૂત્રાદિમાં બતાવેલા દેવોના ચાર ભેદ સિવાય બીજા ભેદ સંભવે છે કે નહિ?

**ઉત્તર**—અપેક્ષાએ દેવોના પાંચ ભેદો શ્રી ભગવતી સૂત્રાદિમાં આ રીતે જણાવ્યા છે ૧ ભવ્યદ્રવ્યદેવ, ૨ નરદેવ, ૩ ધર્મદેવ, ૪ દેવાધિદેવ, ૫ ભાવદેવ. અહીં દ્રવ્યદેવપણું વગેરે વિશિષ્ટ ધર્મોની અપેક્ષાએ પાંચ ભેદો જણાવ્યા છે એમ સમજવું.

**૨૪૪ પ્રશ્ન**—ભવ્ય દ્રવ્યદેવનું સ્વરૂપ શું?

**ઉત્તર**—જે પર્યાય ભવિષ્યમાં થશે, અને જે પર્યાય થઇ ગયા, આ બંને પર્યાયોનું જે કારણ હોય, તે દ્રવ્ય કહેવાય. કહ્યું છે કે–**"भूतस्य भाविनो वा पर्यायस्य यत्कारणं तद्द्रव्यमिति"** જેઓ હાલ દેવપણું ભોગવતા નથી, પણ દેવાયુષ્યનો બંધ કરેલ હોવાથી મનુષ્યાદિ ચાલુ ભવનું શેષ આયુષ્ય પૂર્ણ થયા બાદ જરૂર દેવપણે ઉપજવાની લાયકાત ધરાવે છે, તેવા મનુષ્ય વગેરે ભવ્ય દ્રવ્યદેવ કહેવાય.

**૨૪૫ પ્રશ્ન**—'ભવ્ય દ્રવ્યદેવ' અહીં દ્રવ્યદેવ શબ્દની પહેલાં ભવ્ય વિશેષણ મૂકવાનું શું કારણ?

**ઉત્તર**—જેમણે પહેલાં દેવપણાનો અનુભવ કર્યો છે તેઓ પણ દ્રવ્યદેવ કહેવાય. ચાલુ પ્રસંગે દ્રવ્યદેવ તરીકે તેમનું વર્જન છે, એ જણાવવા માટે દ્રવ્યદેવ શબ્દની પહેલાં ભવ્ય વિશેષણ આપ્યું છે.

**૨૪૬ પ્રશ્ન**—નરદેવનું સ્વરૂપ શું?

**ઉત્તર**—૧૪ રત્ન, નવ નિધાનના સ્વામી, છ ખંડના અધિપતિ ચક્રવર્તી રાજાઓ નરદેવ કહેવાય; કારણ કે તેઓ મનુષ્યોમાં દેવ નહિ પણ દેવ જેવા ગણાય છે.

**૨૪૭ પ્રશ્ન**—ધર્મદેવનું સ્વરૂપ શું?

**ઉત્તર**—પંચમહાવ્રતાદિ શ્રમણ ગુણોને ધારણ કરનારા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, ગણાવચ્છેદક, સ્થવિર વગેરે નિર્ગ્રંથ છદ્મસ્થ મહાત્માઓ ધર્મદેવ કહેવાય; કારણ કે તેઓ શ્રી જિનધર્મને પરમ ઉલ્લાસથી સાધે છે, ને બીજા ભવ્ય જીવોને ધર્મોપદેશ દઇને ધર્મારાધન કરાવે છે, ધર્મમાં જોડે છે, ધર્મારાધનમાં ઢીલા પડેલા જીવોને સ્થિર કરે છે.

**૨૪૮ પ્રશ્ન**—દેવાધિદેવનું સ્વરૂપ શું?

**ઉત્તર**—રાગદ્વેષ મોહાદિ અંતરંગ શત્રુઓનો નાશ કરતા હોવાથી શ્રી અરિહંત પરમાત્મા દેવોના પણ દેવ છે, કારણ કે ઇંદ્રાદિક દેવો પણ તે પ્રભુદેવની અલૌકિક પુણ્યાઈથી ખેંચાઈને સેવા કરે છે. તેઓ ૧ અશોકવૃક્ષ, ૨ સિંહાસન, ૩ ચામર, ૪ ભામંડળ, ૫ દુંદુભિ, ૬ છત્ર, ૭ દેવો ફૂલની વૃષ્ટિ કરે, ૮ દિવ્યધ્વનિ. આ આઠ પ્રાતિહાર્યો અને અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય આ ચાર અતિશયો મળી બાર ગુણોને ધારણ કરે છે અને ૩૪ અતિશયો તથા વાણીના પાંત્રીશ ગુણોને ધારણ કરે છે. તેમણે ક્ષપકશ્રેણિમાં શરૂઆતમાં મોહનીય કર્મનો ક્ષય કર્યો, કારણ કે તેમ કર્યા સિવાય બાકીના સાત કર્મોનો ક્ષય થાય જ નહિ માટે જ કહ્યું છે કે–**कम्माणं मोहणी–अक्खाणं रसणा** એટલે આંખ વગેરે પાંચે ઇંદ્રિયોમાં જેમ જીભને વશ કરવી મુશ્કેલ છે, તેમ જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોમાં મોહનીય કર્મને જીતવું મુશ્કેલ છે. આઠમા અપૂર્વ ગુણસ્થાનકથી માંડીને દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધીના ત્રણ ગુણસ્થાનકોમાં શુક્લધ્યાનના ચાર ભેદોમાંના પહેલા ભેદના ધ્યાનથી બાકીના અપ્રત્યાખ્યાનીયાદિ ૧૨ કષાય ને

હાસ્યાદિ નોકષાયનો ક્ષય કર્યો. અહીં ૨૧ પ્રકૃતિઓનો ક્ષય કરવાનું કહ્યું, તેનું કારણ એ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરીને જ ક્ષાયિક સમ્યકત્વને પામેલ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ જ ક્ષપકશ્રેણિ માંડી શકે. આ રીતે આઠમા ગુણસ્થાનકની પહેલાં અનંતાનુબંધી ક્રોધાદિ સાત પ્રકૃતિનો ક્ષય કરેલ હોવાથી આઠમા ગુણસ્થાનકથી માંડીને દશમા ગુણસ્થાનક સુધીના ત્રણ ગુણસ્થાનકોમાં એકવીશ પ્રકૃતિઓનો ક્ષય કરી-શ્રી અરિહંત પરમાત્મા બારમા ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે જઇ અંતિમ સમયે જ્ઞાનવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, અંતરાય કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામે એમ નિશ્ચયનય કહે છે, ને તેરમા સયોગી કેવલી ગુણસ્થાનકના પહેલા સમયે કેવલજ્ઞાન પામે એમ વ્યવહારનય કહે છે. અજ્ઞાન, ક્રોધ, મદ, હાસ્યાદિ અઢાર દોષો ઘાતીકર્મોના ઉદયથી જ સંભવે છે. દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માએ જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિકર્મોનો ક્ષય કર્યો છે, તેથી તેમને ૧૮ દોષમાંનો એક પણ દોષ નહિ હોવાથી દેવાધિદેવ કહી શકાય.

**૨૪૯ પ્રશ્ન**—ભાવદેવનું સ્વરૂપ શું ?

**ઉત્તર**—હાલ દેવાયુષ્યને ભોગવનારા ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો ભાવદેવ કહેવાય. દેવાયુષ્યને બાંધનારા જીવો દેવભવની પહેલાના ભવનો અમુક ભાગ ગયા પછી દેવાયુષ્યનો બંધ કરે. જ્યારે પૂર્વભવનું આયુષ્ય પૂરું થાય ત્યારે દેવાયુષ્યનો ઉદય થાય. અહીંથી માંડીને જ્યાં સુધી દેવાયુષ્ય ભોગવાય ત્યાં સુધી ભાવદેવ કહેવાય.

**૨૫૦ પ્રશ્ન**—ભવ્ય દ્રવ્યદેવપણું કયા કયા જીવો ન પામી શકે ?

**ઉત્તર**—અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિયા ( મનુષ્ય, તિર્યંચો ) અને અનુત્તર વિમાનનાં સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવો ભવ્ય દ્રવ્યદેવપણું ન પામી શકે. અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિયા યુગલિકભવનું આયુષ્ય પૂરું કરીને તરત જ દેવપણું જ પામે તેથી તેઓ ભવ્ય દ્રવ્યદેવપણું ન પામે. ભવ્ય દ્રવ્યદેવ તરીકે દેવાયુષ્યને બાંધનારા જ મનુષ્યો અને તિર્યંચો લઈ શકાય. આવા મનુષ્યપણે કે તિર્યંચપણે અનંતર ભવમાં તે યુગલિયાઓ ઉપજે નહિ ને દેવપણે જ ઉપજે આવો નિયમ હોવાથી જણાવ્યું કે તે યુગલિયાઓ ભવ્ય દ્રવ્યદેવપણું પામે નહિ. તથા સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિશ્ચય કરીને એકાવતારી હોવાથી એટલે તેઓ પોતાનું તેત્રીશ સાગરોપમ પ્રમાણ દેવાયુષ્ય પૂરું કરીને અનન્તર એક જ મનુષ્યભવ કરીને મોક્ષે જનારા હોવાથી પરભવનું આયુષ્ય નહિ બાંધનારા એટલે એકાવતારી મનુષ્યપણે જ ઉત્પન્ન થશે. ભવ્ય દ્રવ્યદેવ તેવા નથી કારણ કે તેઓ તો દેવાયુષ્યને બાંધનારા જ હોય, માટે એમ કહ્યું કે-સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો ભવ્ય દ્રવ્યદેવપણે ઉપજે નહિ.　　　　( ચાલુ )

# " પ્રભુ પ્રત્યક્ષ છે. "

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

એમ તો બધાય એક સરખી રીતે માને છે કે સર્વથા શુદ્ધાત્મસ્વરૂપ પ્રભુનો અલ્પજ્ઞો સાક્ષાત્કાર કરી શકતા નથી કારણ કે તે અરૂપી છે માટે નિરાકાર છે તેથી તે અદ્રશ્ય છે. નિરાવરણવિશિષ્ટ જ્ઞાન સિવાય જડાત્મક કોઇ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી, માટે સર્વજ્ઞ થયેલા જ આત્માને પ્રભુ પ્રત્યક્ષ છે; બાકીના જીવો તો અનુમાનથી અથવા તો શાસ્ત્રોમાં લખાયેલા સર્વજ્ઞોક્ત વચનોથી જાણી શકે છે.

પ્રથમ તો શાસ્ત્રોમાં મંડનપદ્ધતિથી વસ્તુસ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે તે જેને બુદ્ધિગમ્ય ન થવા છતાં પણ શ્રદ્ધાગમ્ય થાય છે તેને તો કોઇપણ પ્રકારની આશંકાનું કારણ ન હોવાથી યુક્તિ–પ્રયુક્તિને અવકાશ હોતો નથી, પણ કેવળ બુદ્ધિગમ્ય વસ્તુને જ આદરનારને માટે શાસ્ત્રમાં ખંડન–મંડન બંને પદ્ધતિઓને અનુસરીને યુક્તિ–પ્રયુક્તિનો આશ્રય લેવામાં આવ્યો છે. આ વસ્તુ ભિન્ન ભિન્ન માન્યતાને અનુસરીને પ્રસિદ્ધિ પામેલા દરેક શાસ્ત્રોમાં દૃષ્ટિગોચર થાય છે.

અલ્પજ્ઞો કેવળ બુદ્ધિગમ્ય બધું ય કરી શકતા નથી તેમજ જેટલું બુદ્ધિગમ્ય થાય છે તેટલાનો સાક્ષાત્કાર પણ કરી શકતા નથી. તોયે બળવત્તર જડસ્વરૂપ મોહ કર્મના દબાણને લઇને જડવાદના પક્ષપાતી હોવાથી આત્માનું અસ્તિત્વ અને તેની વિશિષ્ટ, વિશિષ્ટતર શકિતઓમાં અનેક આશંકાઓ ઊભી કરીને આવરણગ્રસ્ત પોતાની ઘણી જ ટૂંકી બુદ્ધિથી તેની અસિદ્ધિ માટે યુકિત–પ્રયુકિત કરે છે, કારણ કે તેમણે પોતાના જીવનમાં વિલાસને પ્રધાનતા આપેલી હોય છે, માટે તેમને અનાત્મવાદી થવું જ પડે છે. જે અનાત્મવાદી છે તે પ્રાયઃ વિષયાસક્ત હોવાથી ઇંદ્રિયોના દાસ હોય છે. તેઓ પોતાના ક્ષુદ્ર વિષયો પોષવાને આત્મવાદિયોને કે જેમનાથી પોતાની વિષયાસકિત પોષાતી હોય તેમને અનાત્મવાદ તરફ દોરવા પોતાની દુર્બુદ્ધિનો ઉપયોગ કરે છે. વાણી તથા વર્તનમાં તેમનો દેખીતો ડોળ આત્મવાદ જેવો જ હોય છે જેથી અણજાણ આત્મવાદી દોરાઇ જાય છે. પછીથી ઓછી બુદ્ધિવાળાને અનાત્મવાદથી વાસિત કરે છે.

વિષયાસક્ત ભલે જડવાદને પોષે પણ આત્મવાદ સિવાય જડવાદને અવકાશ જ નથી. બુદ્ધિગમ્ય અને જેટલું પ્રત્યક્ષ છે તેટલું જ સાચું છે, એમ માને છે તે મોટી ભૂલ કરે છે, અથવા તો બુદ્ધિ અને પ્રત્યક્ષનું સાચું સ્વરૂપ ઓળખ્યા સિવાય વિલાસનો માર્ગ સરળ બનાવે છે, સદ્બુદ્ધિથી વિચાર કરવાથી સ્પષ્ટ સમજાય છે કે, પ્રતિપક્ષી વસ્તુ સિવાય કોઇ પણ વસ્તુનું અસ્તિત્વ હોઇ શકતું નથી. જડનું અસ્તિત્વ માની તેની સિદ્ધિ માટે જે કાંઇ બોલાય છે તે ચૈતન્યના વિરોધમાં જ બોલાય છે માટે ચૈતન્ય જેવી વસ્તુ સંસારમાં અસ્તિત્વ ધરાવે છે, ત્રણે કાળમાં વિદ્યમાન છે. આત્મા જેવી કોઇ વસ્તુ જ ન હોય તો જડની ઓળખાણ આપી શકાય જ નહિં. જડની વ્યાખ્યા ઉપરથી ચૈતન્યની સિદ્ધિ થાય છે. જડથી વિપરીત ગુણ–ધર્મવાળો આત્મા છે અને આત્મગુણ–ધર્મથી વિપરીત ધર્મવાળું જડ

છે અર્થાત્ ચૈતન્યની વ્યાખ્યાથી જડની સિદ્ધિ થાય છે. બંનેમાં એક વસ્તુ વિદ્યમાન ન હોય તો બીજી હોઈ શકે જ નહિં, તો પછી તેને ઓળખવા વ્યાખ્યાની તો વાત જ કેવી ?

જે વસ્તુને જાણે છે, જણાવે છે, ઓળખે છે, ઓળખાવે છે તે ચૈતન્ય અને જે જાણવાના તથા ઓળખવાના સ્વભાવસ્વરૂપ જ્ઞાન વગરનું છે તે જડ કહેવાય છે. જડમાં જ્ઞાન હોતું નથી પણ જડને ઓળખાવનારમાં જ્ઞાન હોય છે અને તેને આત્મા-જીવ-ચૈતન્ય વિગેરે નામોથી ઓળખવામાં આવે છે. જડ વસ્તુઓને ઇંદ્રિયોદ્વારા જાણનાર પણ આત્મા જ છે કારણ કે ઇંદ્રિયો પોતે જડ હોવાથી કાંઇપણ જાણી શકતી નથી. આત્માનો જડ દેહથી વિયોગ થાય છે ત્યારે ઇંદ્રિયો વિદ્યમાન હોવા છતાં પણ જાણવા જણાવવાનું કાંઇ પણ કાર્ય કરી શકતી નથી, તેમજ દેહના છેદન-ભેદન તથા દહન આદિથી અથવા તો ચંદન-વિલેપન આદિ ઉપચારોથી સુખ-દુઃખ-શાંતિ-આનંદ-કલેશ તથા સંતાપ આદિના ચિહ્નો દેહ ઉપર કાંઇ પણ દૃષ્ટિગોચર થતા નથી માટે તેમાં જ્ઞાનસ્વરૂપ આત્મા નથી, પણ જડ-સ્વરૂપ કેવળ દેહ દૃષ્ટિગોચર થાય છે.

આ પ્રમાણે આત્મા તથા અનાત્મા-જડ બંને વસ્તુઓ પ્રત્યક્ષ છે, ફક્ત બંનેના પ્રત્યક્ષની રીત જુદી છે. જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દના પ્રત્યક્ષની રીત જુદી હોય છે, અર્થાત્ આંખથી વર્ણ, નાકથી ગંધ, જીભથી રસ, કાનથી શબ્દ અને ત્વચાથી સ્પર્શ પ્રત્યક્ષ થાય છે. પણ આંખથી શબ્દ, કાનથી વર્ણ, જીભથી ગંધ કે નાકથી રસ વિગેરે પ્રત્યક્ષ થતું નથી તેવી જ રીતે આત્મા અને અનાત્મા-જડ બંનેનું પ્રત્યક્ષ પણ જુદી રીતે થાય છે. જડનું પ્રત્યક્ષ આવરણવાળા સકર્મક આત્માને ઇંદ્રિયોદ્વારા થાય છે અને આવરણ રહિતને ઇંદ્રિયોની જરૂરત પડતી નથી. અને આત્માનું પ્રત્યક્ષ કેવળ શુદ્ધાત્માને જ થાય છે પણ ઇંદ્રિયોદ્વારા જેમ જડનું પ્રત્યક્ષ થાય છે તેમ થઈ શકતું નથી. જડ વસ્તુઓને અને પોતાને, અથવા તો જ્ઞેય માત્રને જાણે છે તે જ આત્મા છે-ચૈતન્યસ્વરૂપ છે. ઇંદ્રિયો જડ હોવાથી રૂપી તથા અરૂપી કોઈપણ જ્ઞેય પદાર્થનું પ્રત્યક્ષ કરી શકે નહિં. તેમજ આવરણવાળો આત્મા જડસ્વરૂપ કર્મના સંસર્ગને લઇને અશુદ્ધ હોવાથી જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરી શકે નહિં પણ અજ્ઞાનસ્વરૂપ અશુદ્ધ આત્માનું પ્રત્યક્ષ કરી શકે છે, અર્થાત્ મોહનીય કર્મના દબાણને લઇને જીવાત્મા વસ્તુ-માત્રના સાચા સ્વરૂપને ઓળખી શકે નહિં. જન્મ-જરા-મરણ-સુખ-દુઃખ આદિ અવસ્થાઓ શુદ્ધ આત્માની નથી તોયે અજ્ઞાનતાને લઇને આત્મા માને છે કે-હું સુખી છું, દુઃખી છું, મરું છું, જન્મું છું, ઘરડો છું, જુવાન છું, રૂપાળો છું વિગેરે. આ પ્રમાણે માનનાર જે આત્મા છે તે અજ્ઞાનતાને લઈને જડના સંસર્ગથી થવાવાળી વિકૃતિયોને પોતાની માને છે. આવી જ રીતે દરેક દેહધારી આત્માઓ પોતપોતાનું પ્રત્યક્ષ કરી શકે છે અને પોતાને અનુભવાતી લાગણીઓ તથા વૃત્તિ અનુસાર પ્રવૃત્તિયોની સરખામણી કરીને બીજા જીવાત્મા-ઓને અનુમાનથી જાણી શકે છે. જ્યારે સમ્યગ્જ્ઞાન-દર્શન આદિને મલિન કરનાર કર્મનો ક્ષય થવાથી પોતે શુદ્ધ થાય છે ત્યારે પોતે પ્રભુસ્વરૂપ થવાથી શુદ્ધ તથા અશુદ્ધ આત્મા માત્રનો સાક્ષાત્કાર કરી શકે છે, યાવત્ જ્ઞેયને સાચા સ્વરૂપે જાણે છે,. જુએ છે એટલે પ્રભુનું

પ્રત્યક્ષ થવાથી પોતાનો અને પ્રભુનો સ્વરૂપભેદ ટળી જાય છે. પોતે વ્યક્તિગત ભિન્ન હોવા છતાં શક્તિથી-સ્વરૂપથી અભિન્ન જાણે છે, કે જે એક વસ્તુનું સત્ય સ્વરૂપ છે. શુદ્ધાત્મા જ્ઞાનાદિ કોઇપણ શક્તિમાં પ્રભુથી અંશમાત્ર પણ ન્યૂન હોતો નથી. જ્ઞાનની સર્વોત્કૃષ્ટદશા-સર્વજ્ઞપણું પ્રગટ થવાથી પોતે પ્રભુપદ પ્રાપ્ત કરે છે અર્થાત્ જીવાત્મા પોતે જ પરમાત્મા બને છે. પ્રભુપદ એટલે આત્માની શુદ્ધદશા તે સિવાય તો પ્રભુપદ જેવી બીજી કોઇપણ વસ્તુ નથી કે જેને પ્રાપ્ત કરવાથી પ્રભુ બની શકાય. શુદ્ધાત્મ દશાથી ભિન્ન પ્રભુપદ પ્રાપ્ત થતું હોય તો પછી જેમ માનવી ધન પ્રાપ્ત થવાથી શ્રીમંત કહેવાય છે અને ધનનો નાશ થવાથી પાછો કંગાળ કહેવાય છે તેમ પ્રભુની દશા પણ થાય. કોઇનું આપેલું પ્રભુપદ મેળવીને આત્મા પ્રભુ બને તો પછી આપનારાઓ પદભ્રષ્ટ કરે એટલે પાછો અપ્રભુ બની જાય. પણ આ પદનો સાધુ, ઉપાધ્યાય કે આચાર્યના પદની જેમ આરોપ થઇ શકતો નથી, પણ ઘાતી અથવા તો સર્વ કર્મક્ષય થવાથી પ્રગટ થયેલી આત્માની શુદ્ધ દશા છે, અર્થાત્ કર્મના આવરણથી તીરોભાવે રહેલું શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે એટલે તેને પ્રભુ કહેવામાં આવે છે. અને તે પ્રભુને પ્રત્યક્ષ કરવાથી આત્માને પ્રભુસ્વરૂપે જુએ છે. પ્રભુસ્વરૂપ સઘળા ય આત્મા સ્વસ્વરૂપના તિરોભાવથી જીવાત્મા તરીકે ઓળખાતા હતા તે જ સ્વ-સ્વરૂપનો આવિર્ભાવ થવાથી પ્રભુ-પરમાત્મસ્વરૂપે ઓળખાયા. જેમ સેલડી, ગાજર આદિ ભિન્નભિન્ન વનસ્પતિઓમાં ઓછા-વત્તા પ્રમાણમાં જેટલે અંશે મીઠાશ રહેલી છે તે બધીય તિરોભાવે રહેલી સાકર છે. તે જ્યારે પ્રયોગોદ્વારા પ્રગટ થાય છે ત્યારે કોઇપણ વનસ્પતિના નામથી નથી ઓળખાતી પણ એક સાકરના નામથી જ ઓળખાય છે. દરેક વનસ્પતિમાં મીઠાશબાધક અંશ છૂટો પડવાથી કેવળ શુદ્ધ મીઠાશ જ રહે છે એટલે ત્યાં વનસ્પતિના ભેદને અવકાશ રહેતો નથી. તેમ સંસારમાં જેટલા પ્રકારના શરીરો જણાય છે તેમાં જેટલે અંશે જ્ઞાન-જાણવાપણું છે તે જ આત્મસ્વરૂપ છે, દરેક દેહમાં આત્મા અશુદ્ધ દશામાં તિરોભાવે રહેલો છે તે જ્ઞાનની તારતમ્યતાથી જણાય છે. જ્યારે તપ, જપ આદિ પ્રયોગોદ્વારા શુદ્ધ થાય છે ત્યારે જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થવાથી પ્રગટ થાય છે. અને સંપૂર્ણ શુદ્ધિ થવાથી સર્વથા શુદ્ધાત્મદશા પ્રગટે છે અર્થાત્ સ્વ.-સ્વરૂપનો સંપૂર્ણ આવિર્ભાવ થાય છે. સર્વથા અશરીરી થયા સિવાય જ્ઞાનની સર્વોત્કૃષ્ટ દશા-સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય નહિ એવો નિયમ નથી પણ આત્મા સર્વજ્ઞ તો સદેહે જ થાય છે અને અશરીરી પછી થાય છે અર્થાત્ કોઇપણ જીવાત્મા સર્વજ્ઞ થયા સિવાય અશરીરી-સર્વથા સર્વ દેહમુક્ત થઇ શકે નહિ, કારણ કે માનવદેહ સર્વજ્ઞપણાનું સાધક છે પણ બાધક નથી અને તે માનવ દેહદ્વારા જ આત્મા સર્વ શુદ્ધિ મેળવી શકે છે. અનેક દેહના આશ્રયમાં રહીને સક્રિયપણે જે અશુદ્ધિ મેળવેલી હોય છે તેને માનવ દેહની મદદવડે અશુદ્ધિઉત્પાદક ક્રિયાથી વિપરીત ક્રિયાદ્વારા શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તે સંપૂર્ણ શુદ્ધિ મેળવતા સુધી દેહના આશ્રયમાં રહીને સર્વથા જડસ્વરૂપ કર્મથી મુકાઇ જાય છે. એટલે છેવટે અશરીરી બનીને સાદિ અનંતકાળ સુધી દેહમુક્તિના અનંતર ક્ષણે પ્રાપ્ત થયેલી આત્મદશામાં સ્થિર રહે છે. જો અશરીરી થયા પછી સર્વજ્ઞપણું પ્રાપ્ત થતું હોય અથવા તો અનાદિ અશરીરી જ સર્વજ્ઞ હોય તો શૂન્યવાદ આવી જાય છે; કારણ કે અલ્પજ્ઞો અરૂપી અને

અપ્રત્યક્ષ વસ્તુઓને સર્વજ્ઞના કહ્યા સિવાય જાણી શકે નહિં. સર્વજ્ઞો જ સદેહ અવસ્થામાં અરૂપી અને અપ્રત્યક્ષ વસ્તુઓને અલ્પજ્ઞો આગળ કહી જણાવે છે, જેને તેઓ પોતાના શિષ્યોને અને તેઓ પોતાના શિષ્યોને કહી જણાવે છે. આમ પરંપરાથી જ્યારે ભૂલવા માંડે છે ત્યારે સ્મરણમાં રાખવાને માટે સર્વજ્ઞોના વચનોને પુસ્તકરૂપે લખી લે છે, તેને વિશેષજ્ઞો થોડી બુદ્ધિવાળાઓને સહેલાઇથી સમજવાને માટે અનેક પ્રકારના દાખલા, દલીલો, હેતુ, યુક્તિ–પ્રયુક્તિથી સર્વજ્ઞોક્ત વચનોનો ટીકારૂપે વિસ્તાર કરે છે. પરોક્ષ વસ્તુઓમાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની આશંકાઓનું પોતાની ક્ષાયોપશમિકી બુદ્ધિથી સમાધાન કરે છે એટલે થોડી બુદ્ધિવાળા પણ સર્વજ્ઞના વચનોને સમજી શકે છે. આ બધાયનું આદિ કારણ સદેહ ઉચ્ચારાયલાં સર્વજ્ઞોના વચનો જ છે. જો સદેહ–દેહધારી સર્વજ્ઞ ન માનવામાં આવે તો દશ્ય વસ્તુઓ માટે અનેક પ્રકારની મિથ્યા કલ્પના કરવાથી અને અદશ્ય વસ્તુઓનો અભાવ માનવાથી સર્વશૂન્યતાનો પ્રસંગ આવે અથવા તો દશ્ય તથા અદશ્ય જગતની વિચિત્રતા જાણવાને માટે અસત્ કલ્પના કરીને પણ અશરીરીદ્વારા પ્રેરણા જ્ઞાન માનવું પડે કે જે તદ્દન અસંગત છે, યુક્તિયુક્ત નથી, કારણ કે પ્રેરણા જ્ઞાન વાણી વગર હોઇ શકે નહિં અને વાણી દેહ વગર સંભવી શકે નહિં, અરૂપી અશરીરીથી પ્રેરણા જ્ઞાન મળી શકે જ નહિં પણ અશરીરી સર્વ શુદ્ધાત્મસ્વરૂપ પ્રભુના આદર્શને સન્મુખ રાખવાથી અધ્યવસાય શુદ્ધિદ્વારા આત્મશુદ્ધિની પ્રેરણા મળવાથી સર્વજ્ઞપણું મેળવી શકાય છે જેથી પ્રભુના નિરાવરણ જ્ઞાનનો સાક્ષાત્કાર થતાંની સાથે જ પ્રભુનો પણ સાક્ષાત્કાર થઇ જાય છે અને શુદ્ધ થયેલો આત્મા સાદિઅનંત કાળ સુધી પ્રભુસ્વરૂપે સ્થિર થઇ જાય છે. જ્યાં સુધી તે દેહધારી રહે છે ત્યાં સુધી બીજા અલ્પજ્ઞ જીવોને જગતનું સાચું સ્વરૂપ સમજાવે છે, જેથી તેઓ પણ સમ્યક્ ક્રિયાદ્વારા સર્વજ્ઞપણું મેળવી પ્રભુપદ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પરંપરાથી અનાદિ કાળથી સદેહ સર્વજ્ઞ બનીને પ્રભુપદ પ્રાપ્ત કરતા આવ્યા છે, માટે વ્યક્તિગત પ્રભુ થવાથી અનંત પ્રભુ હોઇ શકે છે તે બધાય સર્વજ્ઞ દશા પ્રાપ્ત કર્યા પછી જ પ્રભુપદને વરેલા હોય છે. તેઓ પ્રભુનો સાક્ષાત્કાર કર્યા સિવાય પ્રભુપદ પ્રાપ્ત કરી શકતા નથી માટે પ્રથમ નિરાવરણ જ્ઞાનથી પ્રભુનો સાક્ષાત્કાર કરે છે કે જે જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. કેવલજ્ઞાનના વિકાસને માનવ દેહ કે માનવ જીવન રોકી શકતું નથી, અર્થાત્ માનવી સર્વજ્ઞ થઇ શકે છે. તેના માટે જગતમાં ન જણાય તેવું કાંઇપણ હોતું નથી, યાવત્ જ્ઞેય માત્રને જાણે છે, અણજાણને જણાવે છે જેથી તે પોતાના બોધ પ્રમાણે જાણે છે, પણ જોઇ શકતો નથી; કારણ કે જ્યાં સુધી આવરણ હોય ત્યાં સુધી કોઈ જણાવે તો જાણી શકાય પણ જોઇ શકાય નહિં. જ્યારે આવરણ ખસે છે ત્યારે બીજાના જણાવ્યા સિવાય જોઇ શકે છે. અર્થાત્ આત્મપ્રત્યક્ષ કરી શકે છે. રૂપી અને અરૂપી એમ બે પ્રકારની વસ્તુ હોવાથી પ્રત્યક્ષ પણ બે પ્રકારનું છે. રૂપીમાં પણ સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે રૂપી હોય છે. તેમાં સ્થૂળ રૂપીનું પ્રત્યક્ષ આવરણગ્રસ્ત આત્મા પણ ઇંદ્રિયોદ્વારા કરી શકે છે, પણ અત્યંત સૂક્ષ્મ રૂપીને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી માટે તેને આત્મા જ પ્રત્યક્ષ કરે છે. આત્મા ઉપર આવરણ હોવા છતાં પણ સૂક્ષ્મ રૂપી પ્રત્યક્ષ કરવાની શક્તિનો વિકાસ થઇ શકે છે, તેથી આત્મા ઇંદ્રિયોની તેમજ સર્વજ્ઞોના વચનોની સહાયતા

# શ્રી ભીલડીયાજી ( ભીમપલ્લી તીર્થ )

( લેખક—મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ )

આ તીર્થે આવવા માટે સામાન્ય રીતે બે રસ્તા છે: એક ડીસાથી. ડીસાથી ગાડા, ઉંટ કે ગાડી રસ્તે ભીલડીયાજી લગભગ દશ ગાઉ દૂર છે. બીજા રસ્તા રાંધનપુરથી ઊણ, થરા, વડા, આંકોલી અને ખેમાણા થઈને જવાય છે. થરાદ, કાંકેર, ભાભેર વિ. ગામોમાં સુંદર જિનમંદિરો છે. ભીલડીયાજી આવતા ગામ બહાર દૂરથી જૈન ધર્મશાળાના મકાનો અને મંદિરના ભવ્ય શિખરો દેખાય છે:

આ તીર્થનું પ્રાચીન નામ **ભીમપલ્લી** છે. અત્યારે આ પ્રદેશમાં આનું નામ **ભીલડી** તરીકે પ્રસિદ્ધ છે. જૈનો ભીલડીયાજી કહે છે.

મોટા દરવાજામાં થઇ જૈન ધર્મશાળાના કમ્પાઉન્ડમાં જવાય છે. પાનસર જેવી વિશાલ ધર્મશાળા છે. ધર્મશાળાનો ચોક છોડી આગળ જતાં મંદિરનો મોટો દરવાજો આવે છે. અંદર જતાં પ્રથમ જ ભોંયરામાં ઉતરવાનું આવે છે. પગથિયા ઊતરી અંદર જતાં સુંદર વિશાલ મૂલનાયકજી યદુકુલતિલક બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથજી પ્રભુનાં દર્શન થાય છે. તીર્થમાહાત્મ્ય છે શ્રી પાર્શ્વનાથજીનું જ્યારે મૂલનાયકજી છે શ્રી નેમિનાથજી. શ્રી પાર્શ્વનાથ ભગવાન તો મૂલનાયકજીના ડાબી બાજુ ભારવટીયા નીચે બિરાજમાન છે.

શ્રી ભીલડીયા પાર્શ્વનાથજીની પ્રતિમાજી નાના છે. સુંદર પરિકર અને સપ્તફણાથી વિભૂષિત છે. આખું પરિકર અને મૂલનાયકજી શ્યામ પત્થરના છે અને સાથે જ કોતરેલ છે. જેમના નામથી તીર્થની વિખ્યાતિ છે તે મૂલનાયકજી કેમ નથી ? આ પ્રશ્ન બધાને વિચારમાં મૂકી દે છે.

ભીમપલ્લીમાં મંદિર સ્થાપિત થયાનો વિ. સં. ૧૩૧૭ નો ઉલ્લેખ મળે છે. આ માટે પંડિત લાલચંદ ભગવાનદાસ ભાઇએ એક પ્રમાણ આપ્યું છે કે–" વિ. સં.

---

વગર પણ ક્ષાયોપશમિક જ્ઞાનથી સૂક્ષ્મ રૂપી જોઇ શકે છે. અરૂપી પ્રત્યક્ષના માટે તો આત્મા સર્વથા નિરાવરણ જ્ઞાન મેળવી શકે નહિં ત્યાં સુધી જોઇ શકે નહિં પણ સર્વજ્ઞોના વચનોથી જાણી શકે. આવરણગ્રસ્ત આત્માને જે આત્મા પ્રત્યક્ષ થાય છે તે સકર્મક રૂપી આત્માનું માનસ પ્રત્યક્ષ છે અને દેહાદિની ક્રિયાથી આત્માનું અનુમાન થાય છે તે નિરાવરણ–કેવળજ્ઞાનદશામાં શુદ્ધાત્મસ્વરૂપે પોતાને જોઇ શકે છે અને તે જ પ્રભુ છે.

૧૩૧૩ માં શ્રી જિનેશ્વરસૂરિએ પાલનપુરમાં 'શ્રાવકધર્મ પ્રકરણ' રચ્યું હતું અને તેના ઉપર ૧૩૧૭ માં શ્રી લક્ષ્મીતીલક ઉપાધ્યાયે પંદર હજાર શ્લોકપ્રમાણ ટીકા રચી હતી. તેની સમાપ્તિ કરતા ટીકાકાર જણાવે છે કે—આ વર્ષે ભીમપલ્લીનું વીર મંદિર સિદ્ધ થયું. અર્થાત્ ૧૩૧૭ માં ભીમપલ્લીમાં વીરમંદિર સ્થાપિત થયું છે, પરંતુ ત્યાર પછી એ જ સૈકામાં ભીમપલ્લીનો નાશ થયો છે.

મૂલનાયકજી શ્રી નેમિનાથ પ્રભુજી, જમણી બાજુ શ્રી આદિનાથ પ્રભુજી અને ડાબી બાજુ પાષાણની ચોવીશી છે. મૂલનાયકજી અને ડાબી બાજુના પાષાણની ચોવીશીની વચમાં ભારવટ નીચે શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે. મૂલનાયકજી પણ પ્રાચીન છે. શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા પણ સંપ્રતિ મહારાજાના સમયના કહેવાય છે. મૂલ ગભારાની બહાર અને રંગમંડપમાં ડાબી તરફ ખૂણામાં શ્રી ગૌતમ ગણધરેંદ્રની પ્રતિમાજી છે, જેના નીચે શિલાલેખ છે.

આ મૂર્તિ ઉભડક હાથ જોડી બેઠેલી છે. બે હાથમાં ચાર આંગળીઓ અને અંગૂઠાની વચમાં મુહપત્તિ છે. પાટ ઉપર બિરાજમાન છે. શરીર ઉપર કપડો છે. જમણો ખભો ખુલ્લો છે. બે બાજુ હાથ જોડી શ્રાવક બેઠેલા છે.

ઉપરના ભાગમાં મૂલનાયકજી શ્રી મહાવીર પ્રભુજી છે, પરંતુ એમ કહેવાય છે કે મૂલનાયકજીના ડાબા પડખે બિરાજમાન શ્રી શાંતિનાથ પ્રભુજી મૂલનાયક હતા. આ પ્રતિમાજી બહારના ભાગમાંથી ખોદકામ કરતાં નીકળેલ છે. તેના ઉપર લેખ છે પણ ઘસાઇ ગયો છે. માત્ર સં. ૧૪૩૫ કે ૨૬ વંચાય છે; બાકી વંચાતું નથી

આ પ્રતિમાજી પણ પ્રાચીન અને ભવ્ય છે. જ્યારે અત્યારે મૂલનાયકજી તરીકે બિરાજમાન શ્રી વીર પ્રભુની પ્રતિમાજી વગેરે ત્રણ પ્રતિમાઓ પાલણપુરથી લાવવામાં આવેલ છે અને જીર્ણોદ્ધાર સમયે એમની પ્રતિષ્ઠા કરાવી છે. આ નૂતન જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા ૧૯૮૨ માં થયેલ છે, જેનો શિલાલેખ મંદિરની બહારના ભાગમાં પત્થરમાં ગુજરાતી ભાષામાં લખેલો છે.

આ નગરીનું પ્રાચીન નામ ત્રંબાવતી હતું. તે બાર કોશના ઘેરાવામાં હતી. આ નગરીમાં સવાસો શિખરબંધ જિનમંદિરો હતાં. સવાસો પાકા પત્થરના બાંધેલા કૂવા હતા. ઘણી વાવો હતી. અન્ય દર્શનીઓનાં પણ ઘણાં મંદિરો હતાં. સુંદર રાજગઢી અને મોટા બજાર હતા. અત્યારે પણ ખોદકામ થતાં રાજગઢી તો નીકળે છે—દેખાય છે. યાત્રિકોએ અવશ્ય આ એકાંત ખૂણામાં પડેલ તીર્થની યાત્રાનો લાભ લેવો જોઇએ.

# વ્યવહાર કૌશલ્ય

(૨૫૩)

**દરેક ખોટું કૃત્ય આપણા પોતાનાં અંતઃકરણ ઉપર પાછો ફટકો લગાવે છે. સામા ઉપર તુચ્છ લાભ મેળવતી વખતે તેને નુકસાન કરવા કરતાં પણ પોતાની જાત ઉપર વધારે નુકસાન કરે છે એ વાત માણસ ભૂલી જાય છે.**

ગોફણ મારતી વખતે આનંદ આવે છે, પણ અનેક વખત તેનો ઘા સીધો ઊડી લગાડનારના જ માથા પર પડે છે, ગોફણને છટકાવતાં ન આવડે તો કપાળ પર ઢીમણું કરે છે, સુંડલામાંથી કચરો ફેંકતાં ન આવડે તો પોતાનાં આખા શરીરને ધૂળથી ને ચીકાશથી ભરી મૂકે છે. એવી જ રીતે કોઇ પણ ખોટું કામ કરવામાં આવે તો તે સામાને નુકશાન કરે યા ન કરે, પણ કરનારને તો ભારે આઘાત ઉપજાવે છે. ખોટાં કામ તો અનેક બતાવી શકાય: ચોરી, જૂઠ, અભિમાન, વિશ્વાસઘાત, પારકી નિંદા, પરદારાગમન, અપ્રમાણિક વ્યવહાર, ખોટા તોલ, ખોટાં માપ, માલમાં ભેળસેળ, સાચું ખોટું સમજાવવાની પદ્ધતિ, લાકડાં લડાવવાં, બદસલાહ વગેરે વગેરે.

આ અને આવાં પ્રત્યેક ખોટાં કૃત્યો કે ન ઇચ્છવા યોગ્ય વર્તનો સામાને નુકસાન કરે કે ન પણ કરે, પણ એવાં કૃત્ય કરનાર કે વર્તન કરનારને તો ભારે નુકસાન કરે છે. અંદરથી છૂટેલ ઘા પોતાને જ જરૂર વાગે છે અને વાગે ત્યારે ભારે હેરાનગતિ કરે છે. એવા કોઇ પણ ખોટાં કૃત્ય કરનારનું માનસ તપાસ્યું હોય તો ત્યાં અંદર એવો ઉકળાટ ચાલે છે, એના હૃદયના થડકારા ગણ્યા હોય તો તેની સંખ્યા એટલી વધી જાય છે, એના મુખ પર કાળાશ, કચવાટ અને પસીનો એવા જામી જાય છે કે એવા થોડા લાભ ખાતર એ પોતાની જાતને વેચે છે, પોતાનો વિકાસ બગાડી નાખે છે અને પોતાની નામના ઉપર કાળો કુચડો ફેરવે છે અથવા સ્વાત્મસંતોષ ઉપર પાણી ફેરવે છે એવા ખ્યાલથી વિચારકનું માથું ફરી જાય છે. એટલા માટે કોઇ પણ ખોટું કામ કરતી વખતે તાત્કાળિક થનારો લાભ ન જોતાં, પોતાની જાત ઉપર કેટલું નુકસાન તેથી થાય છે તે વિચારવાનું કામ કુશળ માણસનું છે. અને થોડો તાજો લાભ જતો કરવાથી પરિણામે વ્યવહારમાં કેટલો લાભ થાય છે તેનો પણ વિચાર કરવા જેવો છે અને પૈસાનો સ્થૂલ લાભ કોઇ વખત થાય કે ન પણ થાય, તો અંદર **સંતોષ અને આનંદ** કેવા થાય છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે. હરામનાં નાણાં ટકતાં નથી, ભીખનાં હાલ્લાં શીંકે ચઢતાં નથી અને ચોરને પાટલે અંતે ધૂડની ધૂડ જ રહે છે. એટલે ફેંકેલ તીર આપણને જ વાગે, મારેલ ઘા પોતાના પગને જ કાપે એવો આંધળો ધંધો ન કરવો. સીધે રસ્તે આખીપાખી રોટલી મળે તેથી સંતોષ પામવો, કાળા મારકેટના કરવૈયા થઇ મહેલાતો ચણાવવાના કોડ કરતાં ચાલુ ઝુંપડીમાં સંતોષ માનવો. એની મજા ઓર છે.

---

**Every piece of wrong-doing strikes a blow at our own heart. When taking a mean advantage people too easily forget that they do themselves more injury than others ! JOSEPH PARKER.(12-11-42)**

( ૨૫૪ )

## સર્વ સદ્ગુણો પૈકી <u>મહાનુભાવ</u> તદ્દન કાદાચિત્ક હોય છે. સો વિશિષ્ટ ગુણવાનમાં ભાગ્યે એક જ એવો હોય છે જે અત્યંત ખુશીથી બીજો માણસ તેવો છે તેનો સ્વીકાર કરે.

**મહાનુભાવ** એટલે નૈસર્ગિક **ખાનદાની**. નૈસર્ગિક એટલે સ્વાભાવિક. બનાવીને તૈયાર કરેલું કે પરાણે દેખાવ માટે કરેલ હકીકત સ્વાભાવિક ન કહેવાય. કેટલાક માણસોમાં ખાનદાની સ્વાભાવિક હોય છે. એની પ્રકૃતિ જ એવી મુલાયમ હોય છે કે એ બોલે ત્યારે જાણે મોતી ખરતા હોય એમ લાગે, એની વાતમાં કોઇને નરમ પાડવાની હકીકત ન હોય, એ કોઈને દુ:ખી જુએ તો એની આંખમાં પાણી આવી જાય, એ સારાં કામ થતાં જુએ કે સાંભળે ત્યારે એને અંતરનો આહ્લાદ થાય. એ જનતાના સુખ, કલ્યાણ, આરોગ્ય કે કેળવણીની સંસ્થા સ્થપાતી જુએ ત્યારે એને અંતરથી પ્રમોદ થાય, એ ગુણવાનને જુએ ત્યારે તેના પર વારી જાય, એ પ્રેમનાં પોષણો જુએ ત્યારે અંતરંગથી અનુમોદના કરે અને એ જનતામાં શાંતિ જુએ, સારા વરસાદ વરસે છે એમ જાણે ત્યારે એ રાજી થઇ જાય. આવી કુદરતી ખાનદાની બહુ ઓછામાં હોય છે, પણ એ કાદાચિત્ક હોય છે એટલે એનું મૂલ્ય બહુ વધી જાય છે.

એટલા માટે કવિવરે કહ્યું છે કે—' બોધ આપનારાઓમાં મત્સર ભરેલો હોય છે અને મૌલિક મહાશયો અભિમાનથી દૂષિત હોય છે.' આ કારણે સ્વાભાવિક મહાનુભાવ બહુ ઓછા હોય છે અને એટલા માટે એમ કહેવામાં આવ્યું છે કે સાચા સો ગુણવાનમાં ભાગ્યે એક એવો હોય છે કે જે એમ કહેવા તૈયાર હોય કે પોતાથી પર-અન્ય ગુણવાન છે. બાકી આપ સારા છો, શિરોમણિ છો, વંદ્ય છો-એવી કોઇ પ્રશંસા કરે ત્યારે પોતે કાંઇ નથી એમ વિવેક ખાતર કહે, પણ ઊંડાણમાં એને પોતાની **નમ્રતા બતાવવાદ્વારા પણ વધારે પ્રશંસા મેળવવાની આકાંક્ષા** હોય છે.

જે પોતા કરતાં અન્યને વધારે ગુણવાન દેખે, માને, મનાવે, જે આપ (જાતે) ગુણી હોય અને ગુણનો રાગી હોય, તેનામાં સાચી ખાનદાની છે, તેનામાં સાચી મહાનુભાવતા છે અને તે ખરો માણસ છે. એવા અસલ ખાનદાનીવાળા મહાશયો ઘણા ઓછા હોય છે. પણ હોય છે ખરા, અને એવા થવાની ટેવ પાડે તે માણસ જ પોતાની ખરી પ્રગતિ કરી શકે, આગળ વધી શકે અને સંસારની યાત્રા સફળ કરી શકે. કૃત્રિમ ખાનદાની અર્થ વગરની છે, સાચી કિંમત નૈસર્ગિક ખાનદાનીની છે અને **કુશળ** માણસ એવો **ખાનદાન** થવા પ્રયત્ન કરે.

---

Of all virtues magnanimity is the rarest. There are hundred persons of merit for one who willingly acknowledges it is another.

**HAZLITT. (29-12-44)**

( ૨૫૫ )

## ભવિષ્યની આપત્તિની આગાહી કરવા જેવું કોઇ ખરાબ કે બેવકુફી ભરેલું કામ નથી. આફત આવી પહોંચે તે પહેલાં તેની પ્રતીક્ષા કરવી એ તે કેવી ગાંડાઈ !

**ચૈત**ર માસમાં દનિયાં તપ્યાં નથી, અખાત્રીજને દિવસે મામા ભાણેજનું બાણુ બેઠું નથી, રોયણુ ( રોહિણી નક્ષત્ર ) દાઝી છે, કૃતિકાએ કોલ આપ્યો નથી, અસાડી બીજ વરસી નથી; આવાં આવાં વચનો કાઢી જીવ બાળવાનો શો અર્થ છે ? અથવા જન્માક્ષર જોઈ મંગળ, બુધ કે બૃહસ્પતિનાં ઘરો ગણી પ્રથમથી કકળાટ કરવામાં શો લાભ છે ? ભવિષ્યમાં આવનારી **આફતને રોકવાની શક્તિ** હોય તો સમજ્યા, બાકી નકામો કકળાટ કરવામાં, દુકાળ પડવાનો છે એવી આગાહી કરવામાં, એકનો એક દીકરો માંદો પડયો છે તે ઘડપણ બગાડી નાંખશે એવી ચિંતા કરવામાં કે પુખ્ત ઉમરે વૈરી અંતરિયાલથી લખીતંગ કરાવશે એવા **અશુભ વચનો** બોલવામાં કે એને લગતા વિચારો કરવામાં શો લાભ થવાનો છે તેનો કોઈ વિચાર કરતું નથી. **ભૂતકાળ** સારો હતો અને **ભવિષ્યમાં** ધરતી રસાતળ જવાની છે, પ્રાણીઓ દુઃખી થવાના છે, સુખાકારી બગડવાની છે, મોટા રોગો આવવાના છે–આવા વિચારોથી કઈ જાતનો લાભ માનવામાં આવ્યો છે ? આમાં માણુસની નિર્બળતાનું પ્રદર્શન છે અને માંદા મનના સણુસણાટ છે અથવા એ એક પ્રકારની ભ્રાંતિ, નિર્માલ્યતા, મૂર્ખાઇ છે અને યોગ્ય શબ્દોમાં કહીએ તો એમાં નરી ગાંડાઇ છે, ઘેલછા છે, ભયભીતતા છે, બાયલાવેડા છે.

આફત આવ્યા પછી તો કકળાટ કરવાનો છે જ, તો પછી **પહેલેથી કકળાટ** કરી તેની ગાઢતામાં વધારો કરવાનો કશો અર્થ નથી. થયું તે ભોગવ્યું, થશે–આવી પડશે તે જોયું જશે, પડશે તેવા દેવાશે, ભોગવવાનું લખ્યું હશે તે ભોગવે જ છૂટકો છે. આ રીતે વિચાર કરનાર બેવડો દુઃખી થતો નથી અને ઘણીવાર તો આવનાર આફત કલ્પનામાં મોટી લાગે છે તેવી વસ્તુતઃ અનુભવતી વખતે લાગતી પણ નથી. **કલ્પનાનાં ચિત્રો મોટાં** મોટાં અને વિવિધરંગી જણાય છે, પણ તે મિથ્યા છે. ઘણીવાર ન ધારેલ રીતે આફત વિસરાળ થઇ જાય છે. ત્યારે નાહકની ઉપાધિની કલ્પનાથી ખિન્નતા શા માટે ઊભી કરવી ? અને આફતની આગાહી કરવી એ જ સરિયામ ખોટી રીત છે; એમાં દીર્ઘદૃષ્ટિ નથી, વસ્તુસ્થિતિની યોજનાનું અગ્રગામી જ્ઞાન નથી, પાકી ઊંડી સમજણ નથી; માટે કલ્પનાથી ઊભી કરેલ આફતોના વિચારો કરી નકામી શક્તિને વેડફી ન નાખો, હોણુહાર મિથ્યા થનાર નથી અને હોણુહારનું જ્ઞાન હોવાનો દાવો ટકી શકે તેમ નથી. વર્તમાનનો વિચાર કરો, ચાલુ પરિસ્થિતિને તાબે થાઓ અને સર્વ સંયોગો માણુવાના માનસને કેળવો. નકામી ચિંતા કરી કલ્પનાનાં તૂત ઊભાં ન કરો અને આનંદમગ્ન રહો. સવ સારું થશે એમ માનો અને માનસ કેળવો. કુશળ માણુસ **આફતની આગાહી ન કરે.**

---

**There is nothing so wretched or foolish as to anticipate misfortune. What madness it is in your expecting evil before it arrives !**

—SENECA.( 6-1-45 )

( ૨૫૬ )

**હું માત્ર એક જ છું, પણ છતાં હું એક છું.**
**હું દરેક કામ કરી શકતો નથી, પણ છતાં હું કાંઇક કરી શકું છું:**
**અને હું દરેક કામ કરી શકતો નથી, માટે જે કાંઇક હું કરી શકું તેમ છું-**
**તે કાંઇક કરવાની હું ના પાડીશ નહિ.**

જરા પણ ગભરાવાની જરૂર નથી, જરા પણ નાસીપાસ થવાની જરૂર નથી. જરા પણ નાઉમેદીને અવકાશ આપવાની આવશ્યકતા નથી. કદિ એમ ન ધારવું કે હું માત્ર એક છું, એકલો છું, મારી સામે અનેક છે. અનેકના જોડાણ સામે હું એકલો કેમ રહી શકીશ ? સિંહ જંગલમાં એકલો જ હોય છે. એને કદી એમ લાગતું નથી કે હું એકલો છું, મારું કોઇ નથી. આવો દીન હીન વિચાર સિંહને હોય નહિ. અનંત શક્તિનો ધણી હું છું અને કાંઇ નહિ તો હું છું એટલા શબ્દો જ જાગૃતિ માટે બસ છે. આ તો પડ્યો પડ્યો નબળો થઇ ગયેલ છે. બાકી એ ઊઠે તો આખા જંગલ-જગતને ધણ-ધણાવે પણ એ બને કે ન બને પણ હું છું એવી પોતાની હયાતી તો દરેક પ્રાણી સ્વીકારે અને સ્વીકારે ત્યાં **સ્વત્વ** આવે, અને સ્વત્વ આવ્યું એટલે એને જાગૃત કરવા માટે બસ છે.

દુનિયાના બધાં કામો તો કોઇ પણ ન કરી શકે. મોટો યુદ્ધવીર હોય કે વિજ્ઞાની હોય, ધનપતિ હોય કે સર્વાંગ સેવક હોય-બધાં કામો એકથી ન બને, પણ કીડીનો ખાધેલ હોય તો પણ એનાથી કાંઇક **તો બને**. મોટાં દાન ન દઇ શકે તો ઝાડું તો કાઢી શકે, મોટું જમણ ન આપી શકે તો પીરસી તો શકે, લાડવા ન ખવરાવી શકે તો પાવળું પાણી તો ભાણે ભાણે પહોંચાડી શકે. તો પછી બધાં કામ તો મોટા ચમરબંધી પણ કરી શકતા નથી. તો જે નાનાં નાનાં કામ આપણાથી બની શકે તેવાં હોય તે કરવાની ના કેમ કહેવાય ? અકિંચિત્‌કરતા પાલવે નહિ, શક્તિવિગોપન શોભે નહિ, આવડત છુપાવાય નહિ અને જવાબદારી ઉડાવાય નહિ. બને તે કરવું, શક્ય હોય તે વગરસંકોચે કરવું, પોતાની સોડ પ્રમાણે સાથરો કરવો. બાકી ગજના ગજ માપ્યા કરવા અને તસુ પણ વધેરવું નહિ એમાં તો વય વેચાય, એમાં આળસનું પોષણ થાય, એમાં મનખા દેહ લાજે, એમાં જીવતર એળે જાય. એમાં આબરૂ ખલાસ થઇ જાય. **જે થોડું બને તે** વગર સંકોચે **કરી નાખો**, વગર માગણીએ ધપાવી દો, વગર વિલંબે અમલમાં મૂકો અને **તમે છો** તે સિદ્ધ કરવા બને તે કરવામાં તત્પર રહો. આવા પ્રકારની કાર્યતત્પરતા કુશળ માણસ દેખાડે છે અને તે તેની હૈયાતીને દીપાવે છે.

**મૌક્તિક**

"I am only one, but still I am one;
I cannot do every thing but still I can do something;
And because I cannot do everything
I will not refuse to do the something that I can do."

EDWARD EVERETT HALE. ( 15-1-45 )

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—**ભાઈ દેવચંદ કરશનજી શેઠ—રાંધણપુર** )

**પ્રશ્ન ૧**—અવસ્વાપીની નિદ્રા, નિદ્રાના ઉદયથી જ આવે કે કેમ ? અને તે પાંચમાંથી કઈ નિદ્રામાં ગણાય ?

**ઉત્તર**—એમાં નિદ્રાનો ઉદય તો હોવો જ જોઇએ. તે પ્રથમની બે નિદ્રામાં હોવા સંભવ છે.

**પ્રશ્ન ૨**—છપ્પન દિક્ કુમારિકાઓને પતિ હોય કે કેમ ?

**ઉત્તર**—મુકરર કરેલ સ્વામી સંભવતો નથી તેથી જ તો કુમારિકા કહેવાય છે.

**પ્રશ્ન ૩**—ઊર્ધ્વલોકની આઠ કુમારી વૈમાનિકમાં ગણવી કે કેમ ?

**ઉત્તર**—તે મેરુપર્વત ઉપરના નંદનવનના કૂટ ઉપર જમીનથી એક હજાર યોજન ઊંચે વસતી હોવાથી ઊર્ધ્વલોકની કહેવાય છે. તે ભવનપતિ નિકાયની છે.

**પ્રશ્ન ૪**—અભિગ્રહ પચ્ચખ્ખાણ દુવિહારતિવિહારે થાય ? તેને માટે ઓછામાં ઓછો કેટલો કાળ હોવો જોઈએ ?

**ઉત્તર**—ચોવિહારે જ થાય; કાળનો નિયમ નથી.

**પ્રશ્ન ૫**—પાખી પડિક્કમણામાં છીંક આવી હોય તો તેના નિવારણ માટે દુઃખક્ષય કર્મક્ષયના કાઉસગ્ગ અગાઉ અમુક ક્રિયા કરાય છે પરંતુ તે દુઃખ-ક્ષયકર્મક્ષયના કાઉસગ્ગમાં જો છીંક આવે તો શું કરવું ?

**ઉત્તર**—તે કાઉસગ્ગ ફરીને કરવો ને શાંતિ ફરીને કહેવી.

**પ્રશ્ન ૬**—લઘુશાંતિના કાઉસ્સગમાં કે શાંતિ કહેતાં છીંક આવે તો શું કરવું ?

**ઉત્તર**—તે કાઉસગ્ગ ફરીને કરવો ને શાંતિ ફરીને કહેવી.

**પ્રશ્ન ૭**—પાખી પડિક્કમણામાં છીંક આવે તેને સત્તર ભેદી પૂજા ભણાવવાનું કહેવામાં આવે છે તે પરંપરાગત છે કે કેમ ? તેવી શક્તિ ન હોય તો શું કરવું ?

**ઉત્તર**—એ કથન પરંપરાગત જણાય છે. શક્તિ ન હોય તેણે સ્નાત્ર ભણાવવું.

**પ્રશ્ન ૮**—શ્રુતદેવતા, ક્ષેત્રદેવતા વિગેરેના કાઉસગ્ગમાં એક નવકાર ગણવાનું શું કારણ ?

**ઉત્તર**—પૂર્વપુરુષની તેવી આજ્ઞા છે તે કારણ સમજવું.

**પ્રશ્ન ૯**—ચક્રવર્તી, વાસુદેવ, બળદેવાદિક કયા કર્મની પ્રકૃતિથી થાય છે ?

**ઉત્તર**—તેને માટે ખાસ પ્રકૃતિ જાણી નથી.

**પ્રશ્ન ૧૦**—જ્ઞાનાવરણીયાદિક કર્મપ્રકૃતિના પુદ્ગલો કેવા હોય ?

**ઉત્તર**—એ પુદ્ગલો કાર્મણ વર્ગણાના હોય અને અનંતાનંત પુદ્ગલ પરમાણુના સ્કંધોની બનેલી તે વર્ગણા હોય. બધા કર્મો માટે આ પ્રમાણે સમજવું.

કર્મવર્ગણાને માટે તેને ગ્રહણ કરવાની ને તેના ભાગ પડવાની હકીકત પાંચમા કર્મગ્રંથમાં છે ત્યાંથી જાણવી. અહીં બધી પ્રકૃતિ માટે ઉત્તર આપી શકાય નહીં.

**પ્રશ્ન ૧૧**—વાયુકાયને વૈક્રિય અંગોપાંગ હોય ?

**ઉત્તર**—ન હોય. વૈક્રિય શરીર જ હોય.

**પ્રશ્ન ૧૨**—દેવોના ઉત્પત્તિસ્થાનમાં કઇ વર્ગણા હોય ?

**ઉત્તર**—તેની શય્યા વિગેરે તો ઔદારિક પુદ્ગલોની હોય પણ તેના ઉત્પત્તિસ્થાનમાં વૈક્રિય વર્ગણાઓ જ હોય કે જેનો તે ઉપજતી વખત પ્રથમ સમયે આહાર તરીકે ગ્રહણ કરે છે ને શરીર બાંધે છે.

**પ્રશ્ન ૧૩**—નારકીના ઉત્પત્તિસ્થાનમાં કઇ વર્ગણા હોય ?

**ઉત્તર**—તેને માટે પણ ઉપર પ્રમાણે સમજવું.

**પ્રશ્ન ૧૪**—બંધહેતુના ઉત્તરભેદ ૫૭ કહ્યા છે, પરંતુ શ્રી ચિદાનંદજી રાગ ને દ્વેષ બે જ કહે છે તેનું કેમ ?

**ઉત્તર**—રાગ ને દ્વેષ એ બેમાં બધાનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન ૧૫**—નારકી, દેવતા ને મનુષ્યની ઉત્પન્ન થવાની યોનિ સચિત્ત હોય ?

**ઉત્તર**—નારકી ને દેવતાની અચિત્ત હોય. મનુષ્યની મિશ્ર હોય.

**પ્રશ્ન ૧૬**—દરેક નિગોદમાંથી પ્રત્યેક સમયે અસંખ્યાતા ભાગના જીવો ચ્યવે છે તે અનંતા જ હોય કે ઓછા હોય ?

**ઉત્તર**—અનંતા જ હોય, ઓછા ન હોય.

**પ્રશ્ન ૧૭**—મહાવિદેહ ક્ષેત્રમાં પાંચસો ધનુષ્યથી વધારે પ્રમાણવાળા શરીર હોય?

**ઉત્તર**—પાંચસો પચીશ ધનુષ્યની ઉત્કૃષ્ટ કાયા હોય એમ જણાય છે.

**પ્રશ્ન ૧૮**—પાંચ ઇંદ્રિયોની ઉત્કૃષ્ટ અવગાહના કેવડી હોય ?

**ઉત્તર**—શ્રોત્રેંદ્રિય, ચક્ષુઇંદ્રિય ને ઘ્રાણેંદ્રિયની અંગુલના અસંખ્યાતમા ભાગની હોય, રસેંદ્રિય ( જીભ ) શરીરના પ્રમાણમાં ઘટે તેવડી હોય અને સ્પર્શેંદ્રિય શરીર પ્રમાણે જ હોય. ભાવેંદ્રિય પણ દ્રવ્ય ઇંદ્રિય જેટલી અને તે પ્રમાણે અવગાહનાવાળી હોય.

**પ્રશ્ન ૧૯**—મતિજ્ઞાનનું આચ્છાદાન કોણ કરે છે ?

**ઉત્તર**—જીવની સત્તામાં રહેલા મતિજ્ઞાનાવરણીય કર્મના પુદ્ગલો આચ્છાદાન કરે છે તે અનાદિકાળથી સત્તામાં હોય જ છે. બીજા જ્ઞાનના આચ્છાદન માટે પણ તે જ પ્રમાણે સમજવું. દર્શનાવરણીય કર્મ માટે પણ તે જ પ્રમાણે સમજવું. એ કર્મની ઉત્તર પ્રકૃતિઓ અનંતકાળથી સત્તામાં રહેલી છે.

સ્વ. કુંવરજીભાઈ

# અધ્યાત્મ–શ્રીપાલ ચરિત્ર

( ૨ )

**પ્રસંગ ૧ લો—**

નગરી ચંપાની પ્રજા નિદ્રાદેવીના ખોળામાં પોઢી ગઇ છે. લગભગ મધરાતનો સમય થયો છે ત્યાં રાજમહાલયના એકાંત ભાગના એક કમરામાં બહુ જ ધીમેથી, ઘણી જ ખાનગી વાતચીત ચાલતી જણાય છે. વાત કરનાર ચંપાપુરીનો મંત્રી મતિસાગર છે અને સાંભળનાર ખુદ રાણી માતા છે કે જેમણે પતિના તાજા મૃત્યુનો શોકમાં કાળો સાલુ ધારણ કર્યો છે અને દીવાનો જે ઝાંખો પ્રકાશ પથરાયો છે એમાં તેમના ચહેરા પર દુઃખની જે કાલિમા પ્રસરી રહી છે એ હરકોઇ જોનારની નજરે ચઢયા વિના રહેતી નથી.

મતિસાગર—રાણી માતા, વિલંબ કરવામાં ઘણું જોખમ છે. કુંવરના બાળપણનો લાભ લઇ, આપનો દિયર રાજ્યગાદી પચાવી બેઠો છે એટલું જ નહીં પણ લગભગ મોટા ભાગના અધિકારીઓને એણે પોતાની તરફ યુક્તિથી વાળી દીધા છે. નથી તો મરનાર રાજાની–આપના પ્રજાવત્સલ સ્વામીની કોઇને શરમ પડી કે નથી તો કોઇને ન્યાય–અન્યાય જોવાની દરકાર રહી! સૌ કોઇ સ્વાર્થવશ બની હાજી હામાં ભળી ગયેલ છે. મારા જેવાનો અવાજ ત્યાં કારગત નિવડે તેમ નથી. મને તો અહીં રહેવામાં કુંવરના અકાળ મરણનું જોખમ ઉઘાડું દેખાય છે.

રાણી—મંત્રીશ્વર, મને તમારી વાત પર સંપૂર્ણ ભરોસો છે. મારા પતિના સમયના તમો એક વફાદાર હિતચિંતક છો. જ્યારે પરિસ્થિતિ આટલી હદે કથળી ગઇ છે ત્યારે તમો જે સલાહ આપશો તે પ્રમાણે હું વર્તવા તૈયાર છું. મને રાજ્યના કાવાદાવાની કંઇ જ ખબર નથી.

માતુશ્રી, સલાહ તે બીજી શી આપવાની છે? જે પળ વીતે છે એ આવી પડનાર જોખમમાં ઉમેરો કરે છે. તમો કુંવરને લઇ, નજીકની દાસીને પણ ખબર ન પડે તેવી રીતે અહીંથી અત્યારે પલાયન થઇ જાવ. સવાર ઊગે તે પૂર્વે ચંપાના રાજ્યની હદ વટાવી કાઢો તો ઘણું જ સારું. નગરની બહાર નીકળવામાં તમને કંઇ રોકટોક નહીં થાય. એ બંદોબસ્ત કરીને જ હું તમને આ સલાહ આપવા આવ્યો છું. એ પાછળ તમારા માથે દુઃખના ઝાડ ઊગશે કિંવા જાતજાતની વિપત્તિઓ પડશે એ મારી ધ્યાન બહાર નથી જ. પણ એ સર્વ હું એક જ આશાએ કરવાનું કહું છું અને તે એ જ કે શ્રીપાલકુંવર જીવતો રહેશે તો સૌ સારા વાના થશે. નીતિકારનું કથન છે કે '**જીવતો નર ભદ્રા પામે.**'

રાણી માતા, હું સારી રીતે જાણું છું કે તમોએ સારુંયે જીવન દાસદાસીઓની વચ્ચે ગાળ્યું છે અને મહાલયના ઉંબર બહાર વાહન વિના પગ મૂકયો નથી એટલે નથી તો તમોને પરિશ્રમનો અભ્યાસ કે કષ્ટો વેઠવાનો અનુભવ. પણ બાજીએ એટલી હદે પલ્ટો લીધો છે કે ગાળેલું જીવન ભૂલી જઇ, કેવળ ભાગ્યના ભરોસે નવું પાનું ઉઘાડો.

ભગવાન પર શ્રદ્ધા રાખી જે જે આવી પડે તે ધીરજથી સહન કરો. દુઃખ પછી જરૂર સુખ આવશે એ આશાની અમરતામાં વિશ્વાસ રાખી હીંમતભેર નીકળી જાવ. ચંપાના મહાલયને અને રાજયવૈભવના સુખોને વીસરી જાવ.

## પ્રસંગ ૨ જો—

બાઇ, અમે મરદ છીએ અને દુઃખમાં આવી પડેલાં નિરાધાર સ્ત્રી-બાળકનું રક્ષણ કરવાનો અમારો ધર્મ છે છતાં અમારા દેહ પર જે કોઢ રોગે સામ્રાજ્ય જમાવ્યું છે તેથી એટલી હદે નકામા બની ગયા છીએ કે કેવળ પરાવલંબી જીવન ગાળીએ છીએ અને દયાળુ પ્રજાના ફેંકેલા ટુકડા પર ગુજારો કરીએ છીએ.

ભાઇઓ, તમારી વાત સાચી છે. તમારો રોગ ભયંકર અને ચેપી છે એ પણ ખરૂં છે. મારા કાંતિમાન પુત્રને તમને સોંપવો એટલે બળતી આગમાં ભૂસકો મારવા બરાબર છે પણ જયાં શત્રુ રાજવીના સૈનિકોના ઘોડાના ડાબલા નજીકમાં જ સંભળાતાં હોય, અરે પકડાઇ જઇ, રીબાઇ મરવાનો ભય હાથવેંતમાં હોય, ત્યાં અન્ય ઉપાય શો ? આખી રાત એક શ્વાસે ચાલ્યા જ કર્યું છે અને તે પણ આ પુત્રને ખભા પર તેડીને જિંદગીમાં પહેલી જ વાર ! હવે તો હીંમત અને હામ બન્નેનો અંત આવ્યો છે. ભલેને મારા પુત્રને ચેપ લાગે. 'શીર સલામત તો પઘડીયા બહોત.' એક વાર મરણ-ભય ટળી જવા દો.

સાતસો કોઢીયાના ટોળામાં રહેલ શ્રીપાલકુમાર ચેપી રોગના સ્પર્શથી કોઢીયો બની ગયો પણ અજિતસિંહના સૈનિકોના હાથમાં પડવાના ભયથી મુક્ત બન્યો. ટોળા પાછળ અંગોપાંગ લપેટી છુપાઇ રહેલ રાણી પણ મરણાંત સંકટમાંથી ઉગરી ગઈ.

## પ્રસંગ ૩ જો—

સાતસો કોઢિયાના સમુદાય સાથે ભીખના ટૂકડા પર જીવવું કે દૂર રહ્યા કુંવરની રોગિષ્ટ કાયાને જોયા કરવી એ ક્ષાત્રકુલોત્પન્ન માતાને પાલવે તેમ નહોતું. મંત્રીશ્વરના વચનના ભણકારા હજુ કાનમાં વાગ્યા કરતાં હતાં. નિર્બળતાનો અંચલો ફેંકી દીધા વિના ચાલે તેમ હતું જ નહીં. મનોમંથન પછી રાહ નિયત કરવામાં આવ્યો કે—

'કોઢ રોગ મટાડી શકાય તેવી દવા મેળવવા પોતે કોઇ નામીચા ધન્વંતરીની શોધમાં નીકળી પડવું અને હાલ તો કુંવરને સાતસો કોઢિયાના વૃંદમાં રહેવા દેવો.' આ નિર્ણય પર આવતાં ઓછું દુઃખ નહોતું થયું. વ્હાલસોયા વત્સનો વિયોગ અને પુનઃ મેળાપની અનિશ્ચિતતા ચક્ષુ સામે ડોકિયા કાઢી ઊભી હતી ! પ્રભાતના કિરણો ધરતીના પટ પર પથરાયા. પ્રેમાળ માતાએ નમ્રતાભર્યા શબ્દોમાં પુત્રસંભાળની ભલામણ કરી દુઃખી હૃદયે જુદો માર્ગ લીધો. કોઢી વૃંદ પણ અવંતીની દિશામાં ધીમી ગતિએ આગળ વધ્યું. આગળ શું બને છે એ જોવાની ઉતાવળ કરતાં પૂર્વે આ ત્રણ પ્રસંગોમાંથી જે કંઇ જાણવાનું છે તે તપાસીએ.

કથાનક કે ચરિત્રો શ્રવણ કરવાનો હેતુ એ જ છે કે તેથી આપણા જીવનઘડતરમાં સરલતા સાંપડે. ભૂતકાળના બનાવોના સ્મરણ વર્તમાનકાળમાં સાચી દિશામાં જીવનને દોરવા માટે કરાય છે.

ઉદય ત્યાં અસ્ત આવવાનો જ. વિધાતાના કાંટે મહાલયમાં વસનારી રાણી કે તરણાવડે દેહ ઢાંકનારી ભીલરમણી સરખાં જ છે. એની પોથીમાં નથી તો નર-નારીના ભેદ કે નથી તો વૃદ્ધ-યુવાનના તફાવત. પૂર્વસંચિત કર્મનો ઉદય થતાં જ આંખના પલકારામાં પરિસ્થિતિ બદલાય છે! તેથી જ રિદ્ધિનો ગર્વ, અધિકારનું અભિમાન કિંવા મહત્તાનો આડંબર નકામો છે. સુખના અતિરેકમાં તદ્દન આળસુ બની પંગુ જેવું જીવન જીવવું હાનિકારક છે. દુઃખ આવ્યે માથે હાથ દઇ પોક મૂકવી કિંવા હાયવોય કરી છાતી માથા કૂટવા એ તો અજ્ઞાનતાની નિશાની છે. સમયને ઓળખી લઇ, સાહસ કરવા કમર કસવી એ પ્રસંગ પહેલાનો ફલિતાર્થ છે. 'હિંમતે મર્દાં તો મદદે ખુદા' એ શ્રીપાલ માતાનો પ્રેરણાદાઇ સંદેશ આજની અબળાઓને છે. બીજો પ્રસંગ સમયસૂચકતાથી કામ લેવાની શિક્ષા આપે છે. ઉપસ્થિત ભયો વચ્ચે સરખામણી કરી ઓછા જોખમમાં ડગ ભરવાનો બોધ આપે છે. રોગગ્રસ્ત આત્માઓમાં પણ માનવતાના દર્શન કરાવે છે. શક્તિ અનુસારનો પરોપકાર એ જ શ્રેષ્ઠ ધર્મ છે.

સ્નેહ કિંવા પ્રેમ જરૂરના હોવા છતાં એને મર્યાદા તો છે જ. કેવલ એને વશ થઇ સંતાનના ભાવી જીવનને વિકૃત ન બનાવી દેવાય. ઉદ્યમથી જ કાર્યસિદ્ધિ થાય છે એ વાત પર મુસ્તાક રહી શકય હોય તેટલો પુરુષાર્થ આદરવો જોઇએ. એ ત્રીજા પ્રસંગમાંથી ઊડીને આંખે વળગતો બોધ પાઠ છે. જ્યાં આત્માની શક્તિ કામ કરી શકતી જ ન હોય ત્યાં ભાગ્યને ભરોસે ભલે રહેવાય; બાકી નેત્ર સામે જ્યાં ઉપાયના પુંજ ખડકાયાં હોય ત્યાં મનુષ્યે ધૈર્ય રાખી આગળ ડગ ભરવા જ જોઇએ. શ્રીપાલચરિત્રમાંથી આ તો શરૂઆતનો સાર છે. આગળ વધતાં આથી પણ વધુ નવનીત તરવાશે. ( ચાલુ ) ચોકસી

## સભા.......સમાચાર

આગામી પોષ શુદિ ૧૧ ના રોજ આપણી સભાના પ્રમુખ સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીની દ્વિતીય સંવત્સરી હોઇ **શેઠ છોટાલાલ નાનચંદ** તથા બહેન **જશકોર કુંવરજી**ની મળેલ રકમના વ્યાજમાંથી સભાના મકાનમાં પ્રભુજી પધરાવી પૂજા ભણાવવામાં આવશે.

## સભામાં અપાયેલ શ્રદ્ધાંજલિ

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા શ્રી વિજયધર્મ પ્રકાશક સભાના આશ્રય નીચે કાર્તિક વદિ ૯ ને રવિવારના રોજ બપોરના ચાર કલાકે આપણી સભાના હોલમાં પં. મદનમોહન માલવિયાજીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી, જે સમયે શ્રીયુત ભીમજીભાઇ હરજીવન સુશીલે પોતાના અનુભવના ખ્યાલો સુંદર ભાષામાં રજૂ કર્યાં હતાં. પં. જગજીવનદાસ પોપટલાલે પણ પોતાના પરિચય-પ્રસંગો વર્ણવી સ્વર્ગસ્થને શ્રદ્ધાભરી અંજલિ આપી હતી.

# પ્રાચીન ઋષિઓ.

( લેખક–પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. )

સાધુને માટે-મુનિને માટે 'ઋષિ' સંજ્ઞા કેટલાં યે સૈકાઓ પૂર્વે યોજાઇ છે. સ્થાનકવાસી સાધુઓ માટે–**લોંકાશાહના** અનુયાયી સાધુઓ માટે એ વપરાયેલી જોવાય છે તેમ પ્રાચીન સમયના જૈન મુનિવરો માટે પણ એનો ઉપયોગ થયેલો છે. આ તમામ પ્રાચીન ઋષિઓનાં નામ તો હજી હું એકત્રિત કરી શકયો નથી, પણ અત્યાર સુધીમાં જે મહત્વના નામો મારા જાણવામાં આવ્યાં છે તે નીચે મુજબ છે.

( ૧ ) કૃષ્ણર્ષિ. ( ૨ ) ગર્ગર્ષિ ( ૩ ) ચન્દ્રર્ષિ ( ૪ ) પાર્શ્વર્ષિ, ( ૫ ) સદ્દર્ષિ અને ( ૬ ) **સિદ્ધર્ષિ.**

## [ ૧ ] કૃષ્ણર્ષિ

ભોજના રાજ્યમાં જયણમરહટ્ટીમાં **ધમ્મોવએસમાલાવિત્તિ** જે **જયસિંહસૂરિએ** વિ. સં. ૯૧૩–૯૧૫માં રચી તેમના ગુરુ તે આ **કૃષ્ણર્ષિ** છે.

## [ ૨ ] ગર્ગર્ષિ

**સિદ્ધર્ષિએ ઉપમિતિભવપ્રપંચાકથાની** પ્રશસ્તિ ( શ્લો. ૭ )માં કહ્યું છે કે–તેને અર્થાત્ **દુર્ગસ્વામીને** અને મને ( પોતાને ) શુભ દીક્ષા આપનાર મહાભાગ્યશાળી ઉત્તમ ગુરુ **ગર્ગર્ષિ** મુનિરાજને હું નમું છું. આ ઉપરથી જોઇ શકાય છે કે **ગર્ગર્ષિને** બે શિષ્ય હતા ( ૧ ) **દુર્ગસ્વામી** અને (૨) **સિદ્ધર્ષિ.** આ **દુર્ગસ્વામી દેલ્લ** [૧] **મહત્તર** પછી થયા, અને **દેલ્લ** મહત્તર 'નિવૃત્તિ' કુળમાં ઉત્પન્ન થયેલા અને 'લાટ' દેશના ભૂષણરૂપ **સૂરાચાર્ય** પછી થયા. **દુર્ગસ્વામીની** શિષ્યા **ગણાએ ઉપમિતિભવપ્રપંચા** કથાનો પ્રથમ આદર્શ તૈયાર કર્યો હતો. (જુઓ શ્લો. ૨૧) આ કથા સંવત્ ૯૬૨ ના જેઠ સુદિ પાંચમ ને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં પૂર્ણ કરાઇ હતી એમ એની પ્રશસ્તિના ૨૨મા પદ્યમાં ગ્રન્થકારે જાતે કહ્યું છે. અહીં આપેલાં માસ, તિથિ, વાર અને નક્ષત્ર વિચારતાં આ સંવત્ તે વિક્રમ સંવત્ છે એમ સિદ્ધ થાય છે. આથી એમ ફલિત થાય છે કે **ગર્ગર્ષિનો** જીવનકાળ વિક્રમની દસમી સદી છે. પ્રભાવકચરિતની પ્રસ્તાવનામાં મુનિ શ્રી **કલ્યાણવિજય ગર્ગર્ષિને સૂરાચાર્યના** શિષ્ય તરીકે માનવા પ્રેરાયા છે.

છ પ્રાચીન કર્મગ્રંથો પૈકી એક નામે **કમ્મવિવાગ** રચનારા મુનિવર **ગર્ગર્ષિના** નામથી ઓળખાય છે. એના ઉપર **અભયદેવસૂરિના** શિષ્ય **પરમાનંદસૂરિએ સંસ્કૃતમાં** વૃત્તિ રચી છે. આ વૃત્તિની તાડપત્ર ઉપર લખાયેલી એક હાથપોથીની સાલ વિ. સં. ૧૨૮૮ ની છે.[૨] આ વૃત્તિ તેમજ મૂળ બંને છપાયેલા છે. શ્રી જૈન આત્માનંદ સભા તરફથી

---

૧. "છ મહત્તરો" એ નામનો જે મારો લેખ શ્રી જૈનધર્મપ્રકાશ (પુ. ૬૧, અંક ૧૨) માં છપાયો છે તેમાં આ 'પદવી' વિષે ઊહાપોહ કરાયો છે. વિશેષમાં ઉપર્યુક્ત લેખમાં ચોથા મહત્તર તરીકે 'દેલ્લ'મહત્તરનો નિર્દેશ છે. ૨. જુઓ પાટણના પુસ્તકભંડારની સૂચિ

છપાયેલ ચાર કર્મગ્રંથોવાળી આવૃત્તિના છઠ્ઠા પરિશિષ્ટમાં આ **કમ્મવિવાગ** માટે " વિક્રમની દસમી સદીનો સંભવ છે. " એવો ઉલ્લેખ છે.

**પાસક કેવલીના** કર્તાનું નામ પણ **ગર્ગર્ષિ** છે.

## [ ૩ ] ચન્દ્રર્ષિ

આ મુનિરાજે **પંચસંગહ** અને એનું સ્વોપજ્ઞ વિવરણ એમ બે કૃતિ રચી જૈન સમાજમાં અને સાહિત્યમાં નામના મેળવી છે. " છ મહત્તરો " નામના લેખમાં મેં એમના સંબંધમાં જે કહ્યું છે તેમાં મારે કશું ઉમેરવાનું નથી. આ લેખ કટકે કટકે **શ્રી જૈન ધર્મ પ્રકાશમાં** છપાયો છે. તેમાં ચન્દ્રર્ષિને લગતો વિભાગ પુ. ૬૨, અં. ૧, પૃ. ૨૪-૨૬ અને અંક ૭, ૮, પૃ ૧૮૨, ૨૨૦, માં છપાયો છે.

## [ ૪ ] પાર્શ્વર્ષિ

આ મુનીશ્વરના ચરણ સેવનાર મુનિરાજ તે ઉપર્યુક્ત **ચન્દ્રર્ષિ** છે.

## [ ૫ ] સદ્દર્ષિ

**ઉપમિતિભવપ્રપંચાકથા**ની પ્રશસ્તિ ( શ્લો. ૧૦-૧૪ ) આ **સદ્દર્ષિ** વિષે પ્રકાશ પાડે છે. એમાં કહ્યું છે કે આ **સદ્દર્ષિ** ભિલ્લમાલમાં કાળધર્મ પામનાર **દુર્ગસ્વામી** પછી થયા છે. એમનો ઉપશમ અસાધારણ હતો. એમનું ચિત્ત નિર્મળ હતું. એઓ પારકાનું હિત કરવાની અદ્વિતીય બુદ્ધિ રાખતા હતા. એઓ સિદ્ધાન્તના ભંડાર હતા. એઓ ભાગ્યશાળી હતા. સંસારરૂપ વિષમ ખાડામાં પડેલા સેંકડો પ્રાણીઓના એઓ આશ્રયદાતા હતા. એમણે સમસ્ત દોષોના સમુદાયનો વિનાશ કર્યો હતો એમનું મન હમેશાં કરુણાથી ઓતપ્રોત રહેતું હતું. એઓ સંગ્રહ કરવામાં તત્પર હતા અને સદા સદુપકાર કરવાની બુદ્ધિવાળા હતા. એમનામાં અસાધારણ ગુણો હોવાથી એઓ તીર્થંકરના જાણે ગણધર હોય એવો ખ્યાલ ઉત્પન્ન કરાવતા હતા. મોગરા અને ચન્દ્રના જેવું એમનું ચિત્ત નિર્મળ જોઇને વિમળ બુદ્ધિવાળા નવયુવકો સુસાધુના ગુણોના વર્ણનને સાચું માનતા હતા. એવા આ [૩]**સદ્દર્ષિ**ના અને દૂરાન્વય કરવો ઉચિત-હોય તો **દુર્ગસ્વામી**ના ચરણની રેણુ સમાન **સિદ્ધર્ષિ**એ **ઉપમિતિભવપ્રપંચકથા** કહી.

આ ઉપરથી એ નિષ્કર્ષ નીકળે છે કે-**સદ્દર્ષિ** એ **સિદ્ધર્ષિ**ના ગુરુ હોવા જોઇએ અને તેમ નહિ હશે તો એઓ તેમના વડીલ થતા હોવા જોઇએ. એમના તરફ **સિદ્ધર્ષિ**નો અને તે સમયના અનેક સજ્જનોનો પૂજ્યભાવ હતો. એમનું ચારિત્ર્ય આદર્શરૂપ હતું, એટલું જ નહિ પણ એઓ આગમોના જાણકાર હતા.

**સદ્દર્ષિ દુર્ગસ્વામી**ના શિષ્ય હોય, એઓ એમની પાટે આવ્યા હોય, **દુર્ગસ્વામી**ના સ્વર્ગગમન પછી એમનો સ્વર્ગવાસ થયો હોય ઇત્યાદિ સંભાવના કરાય છે. એ ગમે તેમ હો પણ આ **સદ્દર્ષિ**એ કોઇ ગ્રન્થ રચ્યો હોય એમ જાણવામાં નથી.

---

૩. આ પ્રમાણે જે **સદ્દર્ષિ**ની સ્તુતિ કરાયેલી છે તેને **હરિભદ્ર**ની સ્તુતિ સમજવાની ભૂલ **મોહનલાલ દ. દેસાઇ**એ કરી છે, એમ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** ( પૃ. ૧૮૩ ) ઉપરથી જોઇ શકાય છે.

સદ્દર્ષિને બદલે **સિદ્ધર્ષિ** એવો પાઠ મળે છે તો એ પાઠાંતરમાં નિર્દેશાએલા **સિદ્ધર્ષિ ઉપમિતિભવપ્રપંચકથા**ના પ્રણેતાથી ભિન્ન સમજવાના છે, જો કે એ બંનેમાં નામની સમાનતા છે.

## [ ૯ ] સિદ્ધર્ષિ

આ મુનિવર વિષે આ લેખમાં જે કહેવાઇ ગયું છે તેનો અહીં ફરી ઉલ્લેખ કરવાની જરૂરિયાત નથી. એટલે કેટલીક વિશેષતાઓ જ હું નોંધીશ.

એમનો પાઇય ભાષા તરફ પક્ષપાત હતો, જો કે એઓ સંસ્કૃતને પણ પાઇયની જેમ પ્રાધાન્યને યોગ્ય ગણે છે. દુર્વિદગ્ધ મનુષ્યોનું વલણ સંસ્કૃત તરફ હોવાથી તેમને ઉદ્દેશીને તેમણે આ અપૂર્વ કથા સંસ્કૃતમાં રચી. એનું પ્રમાણ લગભગ ૧૬,૦૦૦ શ્લોક જેટલું છે.

એમની નમ્રતા અસાધારણ હતી. એથી તેઓ એક સ્થળે કહે છે કે–આ કથા સુવર્ણપાત્રમાં મૂકવા લાયક નથી, પણ લાકડાના વાસણમાં મૂકવા લાયક છે. વિશેષમાં એમણે આ કથા રચી એમ એઓ કહેતા નથી, પણ ગીર્દેવીએ અર્થાત્ સરસ્વતી દેવીએ એ બનાવી અને એમને તો ફક્ત એ કહી એવો નિર્દેશ કરે છે.

આચાર્ય **હરિભદ્ર** તરફ એમનો અપૂર્વ પૂજ્યભાવ હતો અને એમની રચેલી **લલિતવિસ્તરા** માટે એમને માન હતું, કેમકે આ કૃતિ એમના જીવનમાં સહાયક થઇ પડી હતી એમ એ માને છે.

વિ. સં. ૧૩૩૪ માં **પ્રભાચન્દ્રસૂરિ**એ રચેલ **પ્રભાવક ચરિત્ર**માં આ **સિદ્ધર્ષિ**ને અંગે એક પ્રબન્ધ છે. એમાં [૪]માઘ કવિના કાકાના દીકરા તરીકે એમનો નિર્દેશ છે. વિશેષમાં દાક્ષિણ્યચિહ્ન **ઉદ્યોતનસૂરિ** અને **સિદ્ધર્ષિ** વચ્ચે જે વાદવિવાદનો અહીં ઉલ્લેખ છે તે આજનો ઇતિહાસ તપાસતાં કાલવ્યતિક્રમ સૂચવે છે, કેમકે આ બે મુનીશ્વરો સમકાલીન જણાતા નથી.

**ધર્મદાસ**ગણિએ જઇણ મરહટ્ટીમાં **ઉવએસમાલા** રચી છે. એમાં ૫૪૦ ગાથા છે. એમાં **મહાવીરસ્વામી** પછી થયેલા **વજ્રસ્વામી** અને **સિંહગિરિ** વિષે સૂચન છે. એટલે એને લગતી ગાથા પ્રક્ષિપ્ત ગણી શકાય તેમ હોય તો તે વાત જુદી છે; નહિ તો આ કૃતિ વીર સંવત્ ૫૨૦ ના અરસાની કેટલાક માને છે, તેમ માનવું સમુચિત છે. આ **ઉવએસમાલા** ઉપર **સિદ્ધર્ષિ**ની **હેયોપાદેયા** નામની ટીકા છે. એ તેમજ **રામવિજય** ગણિકૃત ટીકા **હીરાલાલ હંસરાજ** ( જામનગર ) તરફથી પ્રસિદ્ધ થયેલી છે.

વાદી **દેવસૂરિ**ના શિષ્ય **રત્નપ્રભસૂરિ**એ વિ. સં. ૧૨૩૮ માં **ઉવએસમાલા** ઉપર **દોઘટ્ટી** વૃત્તિ રચી છે. એમાં **સિદ્ધર્ષિકૃત ઉવએસમાલાવિત્તિ**નો ઉલ્લેખ છે.

પાટણના ભંડારમાં આ **ઉવએસમાલાવિત્તિ**ની વિ. સં. ૧૨૩૬ માં તાડપત્ર પર લખાયેલી **હાથપોથી** છે. એટલે આ વિત્તિ(વૃત્તિ)ની રચના આટલી તો પ્રાચીન ગણાય જ.

**સિદ્ધસેનદિવાકરે ન્યાયાવતાર** રચ્યો છે. એના ઉપર **બૃહટ્ટિપ્પનિકા** પ્રમાણે **હરિભદ્રે**

૪. Aryan Path ( September 1945 )ના અંકમાં એચ. જી. નરહરિનો લેખ છે. એમાં **માઘ**નો સમય ઈ. સ. ૬૫૦–૭૦૦ નો દર્શાવાયો છે.

વૃત્તિ રચી છે. આ વૃત્તિ કોઈ સ્થળે હોય એમ જાણવામાં નથી. વળી આ **હરિભદ્ર** તે કોણ એનો પણ નિર્ણય કરવા જેટલાં સાધન નથી. એટલે **સિદ્ધર્ષિ**એ જે વિવૃત્તિ યાને વ્યાખ્યાનિકા રચી છે અને જે પ્રસિદ્ધ થએલી છે તે આના કરતાં પ્રાચીન છે કે અર્વાચીન એ કહેવું મુશ્કેલ છે. ડૉ. **પી. એલ. વૈદ્યે** તો આ વૃત્તિ વિષે **બૃહટ્ટિપ્પનિકા**માં કરાયેલો ઉલ્લેખ સ્ખલનરૂપ જણાય છે એમ કહ્યું [5]છે. એ માટે એની અનુપલબ્ધિને તેઓ કારણરૂપ ગણતા હોય એમ લાગે છે. જો તેમજ હોય તો એ ઉચિત ગણાય ખરું ?

**સિદ્ધર્ષિ**ની આ વિવૃત્તિમાં દિઙ્નાગકૃત **પ્રમાણસમુચ્ચય, ધર્મકીર્તિ**કૃત **ન્યાયબિન્દુ** અને **કુમારિલ**કૃત **શ્લોકવાર્તિક**માંથી અવતરણ અપાયેલાં છે એટલું જ નહિ પણ બીજાં બે પણ છે. એ નીચે મુજબ છે:—

**( ૧ ) विकल्पयोनयः शब्दा विकल्पाः शब्दयोनयः ।**
**कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यपि ॥**

**( ૨ ) सा ज्ञेयविशेषगतिर्नयप्रमाणात्मिका भवेत् तत्र ।**
**सकलग्राहि तु मानं विकलग्राही नयो ज्ञेयः ॥**

આ પૈકી પહેલું અવતરણ શું **દિઙ્નાગ**ની કોઇ કૃતિમાંનું છે એમ ડૉ. **પી. એલ વૈદ્યે** શંકા ઉઠાવી છે, જ્યારે બીજાનું મૂળ શું છે એમ પૂછ્યું છે. પહેલા અવતરણનો પૂર્વાર્ધ **અનેકાન્તજયપતાકા** ( ખંડ ૧, પૃ. ૩૨૪ અને ૩૩૭ ) માં છે. એની સ્વોપજ્ઞ વ્યાખ્યા( પૃ. ૩૩૭ )માં એ અવતરણ **ભદન્તદિન્ન**ની કૃતિમાંનું હોવાનું **હરિભદ્રસૂરિ**એ સૂચવ્યું છે. બીજા અવતરણનું મૂળ મને પણ ખબર નથી તો વિશેષજ્ઞો પ્રકાશ પાડે.

**ન્યાયાવતાર**ની વિવૃતિના ઉપર એક ટિપ્પણ છે. તે ' હર્ષપુરીય ' ગચ્છના **હેમચન્દ્રસૂરિ**ના શિષ્યલવ **દેવભદ્રે** રચ્યું છે. ડૉ. **પી. એલ. વૈદ્ય** શિષ્યલવનો અર્થ પ્રશિષ્ય કર્યો છે અને **દેવભદ્ર**ના **શ્રીચન્દ્ર**ના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે. આ **દેવભદ્ર**નો સમય વિક્રમની બારમી સદીનો ઉત્તરાર્ધ છે.

**ચંદ્રકેવલિચરિત્ર** જે પાઇયમાં હતું તે ઉપરથી સંસ્કૃતમાં આ ચરિત્ર **સિદ્ધર્ષિ**એ રચ્યું. એનો **રચનાસમય** ૫૯૮ છે. ડૉ. **મિરોનો** આને **ગુપ્તસંવત્**નું વર્ષ ગણવું એમ કહે છે અને એ હિસાબે બંને વિ. સં. ૯૭૪નું ગણાવે છે. જો આમ માનવું ઉચિત હોય તો આ **સિદ્ધર્ષિ** તે **ઉપમિતિભવપ્રપંચકથાના** કર્તા હશે અથવા કે પછી **સિદ્ધર્ષિ** એવા નામાંતરવાળા અન્ય કોઇ હશે. **દ્વાદશારનયચક્ર** તેમજ **સિદ્ધયોગમાલા** ઉપર વૃત્તિ રચનાર તરીકે **સિદ્ધર્ષિ**નો ઉલ્લેખ જોવાય છે.

આમ એક **નામધારી ઋષિ**ઓનો પણ અહીં મેં વિચાર કર્યો છે. અંતમાં એમનો તેમજ બીજા પણ **પ્રાચીન ઋષિ**ઓની વિદ્વત્તારૂપ સુવર્ણને સુગંધ અર્પણ કરનારા તેમના સચ્ચરિત્રને અનુસરીને હું તેમને સાનન્દ પ્રણામ કરું છું.

---

૫. જુઓ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી **ન્યાયાવતાર**ની બે ટીકા સહિત પ્રકાશિત થયેલી આવૃત્તિની એમની અંગ્રેજી પ્રસ્તાવના ( પૃ. ૨૧ ).

# અપીલ અને આભાર

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" ની આર્થિક સ્થિતિ સંબંધી હકીકત અમે ગત કાર્તિક માસના અંકમાં પ્રકટ કરેલ, તેને અનુલક્ષીને અમને પ્રોત્સાહન અર્પે તેવી સહાય મળતી રહી છે. ખરી વાત એ છે કે પત્રવ્યવહાર કર્યા સિવાય ફક્ત અમારી અપીલને માન આપી "પ્રકાશ" ના ગ્રાહકો, વાંચકો ને સભાના સભાસદ બંધુઓ સ્વયં સ્ફુરણાથી રકમ મોકલી આપે છે, જે અમારા માટે હર્ષનો વિષય છે. આશા છે કે-બીજા બંધુઓ પણ પોતાની સહાય સવેળા અમને મોકલી આપે. જે જે ગૃહસ્થોની સહાય પ્રાપ્ત થઈ છે, તેમની નામાવલી નીચે મુજબ છે. તેઓએ મોકલેલ સહાયક રકમ અમે સાભાર સ્વીકારીએ છીએ.

## "શ્રી જૈન ધર્મ પ્રકાશ" સહાયક ફંડ

| | | |
|---|---|---|
| ૫૧) | ગાંધી વાડીલાલ ચત્રભુજ | મુંબઈ |
| ૫૧) | શેઠ હીરાલાલ ગંભીરદાસ | મુંબઈ |
| ૫૦) | શેઠ દૌલતરામજી જૈની | ગંગાનગર |
| ૫૦) | શેઠ ગણેશમલજી ચાંદમલજી | બીયાવર |
| ૧૦) | એક ગૃહસ્થ. હા. શાહ કલ્યાણભાઈ મગનલાલ | નાગપુર |
| ૧૦) | ઝવેરી જેશંગભાઈ ભગવાનલાલ | પાટણ |
| ૧૦) | શેઠ રતનચંદ રાજારામ | કોલ્હાપુર |
| ૧૦) | મહેતા પરશોત્તમ અમરશી | મુંબઈ |
| ૧૦) | શેઠ મૂળજી રતનશીની કું. | બડગારા |
| ૫) | શ્રી જૈન યુવક મંડળ | નારબાઈ (મારવાડ) |
| ૫) | જોગાણી લહેરચંદ શામજીભાઈ | ખીમત |
| ૫) | શેઠ હરખચંદ હંસાજી | બોઢાણ |
| ૧। | શેઠ રાયચંદ મૂળજી | બનારસ સીટી |
| ૧)= | શેઠ મણિલાલ ધારશી | રાણપુર |
| ૨૬૯।= | | |

Reg. No. B. 156

## " શ્રી જૈન ધર્મ પ્રકાશ " એકવીશ તારીખે પ્રગટ થશે.

દરવર્ષે અંગ્રેજી વર્ષની શરૂઆતમાં " પ્રકાશ " ની પ્રકાશન તારીખ નક્કી કરવી પડે છે. ૧૯૪૭ ના જાન્યુઆરીથી પ્રકાશન તારીખ એકવીશમી થશે, તો લેખકોને વિજ્ઞપ્તિ કે તેઓ પોતાના લેખો તા. ૧ લી લગભગ મોકલી આપે.

**માર્ગશીર્ષ-પોષનો સંયુક્ત અંક**

માગશરનો તા. ૭ મી ડીસેમ્બરનો અંક પ્રકટ કર્યા પછી પોષનો અંક તા. ૨૧ મી જાન્યુઆરીના રોજ કાઢવો પડે. જે પોષના અંક માટે ઘણું જ મોડું થઇ જાય એટલે માર્ગશીર્ષ-પોષનો આ અંક સંયુક્ત પ્રગટ કર્યો છે. હવે પછી તા. ૨૧ જાન્યુઆરીએ માહ માસનો અંક સમયસર પ્રસિદ્ધ થશે.

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

**પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫**

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ-પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦
૨ બીજો ભાગ-પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ-પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ-પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ-પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

## અઢાર પાપસ્થાનકની સજ્ઝાય-વિવેચન યુક્ત

અગાઉ અઢાર પાપસ્થાનક અને બાર ભાવનાની સજ્ઝાયોની સંયુકત બુક અમારા તરફથી બહાર પાડવામાં આવી હતી તે ખલાસ થઇ જવાથી માત્ર અઢાર પાપસ્થાનકની સજ્ઝાયની અર્થ સાથેની બુક બહાર પાડવામાં આવી છે. સંસારવૃદ્ધિના હેતુભૂત અઢારે પાપસ્થાનકોને સંપૂર્ણ રીતે સમજી તેનાથી કઇ રીતે બચી શકાય તેને લગતું આ બુકમાં સાદી ને સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે. આ સજ્ઝાયો શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીની રચેલી હોવાથી તેમાં ઘણું રહસ્ય સમાવવામાં આવ્યું છે. એક એક સજ્ઝાય એક-એક ગ્રંથની ગરજ સારે તેવી રહસ્યપૂર્ણ છે. સૌ કોઇએ આ બુકનો લાભ લેવા જેવો છે. પૃ. ૧૪૦. કિંમત માત્ર ત્રણ આના.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.